અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૦ ઓક્ટોબર ૨૦૨૩, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, ભાદરવો વદ અગિયારસ | અંક : ૭૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**ચૂંટણી પંચે પાંચ રાજ્યની વિધાનસભાની ચૂંટણીની જાહેરાત કરી**

**એમપી, છત્તીસગઢ, રાજસ્થાન, તેલંગાણા, મિઝોરમમાં વિધાનસભા ચૂંટણીઓની તારીખ જાહેર કરાઈ : ૬૦ લાખથી વધુ મતદારો પ્રથમ વખત મતદાન કરશે**

## પાંચ રાજ્યોમાં ૭, ૧૭, ૨૩ અને ૩૦ નવેમ્બરે ચૂંટણી, ૩ ડિસેમ્બરે પરિણામ

। નવી દિલ્હી, તા.૯ ।

હવે દેશના પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી યોજાવા જઈ રહી છે. તેના માટે ચૂંટણીપંચે આજે તેના સંપૂર્ણ કાર્યક્રમની જાહેરાત કરી દીધી છે. ચૂંટણીપંચના જણાવ્યાનુસાર મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન, તેલંગાણા અને મિઝોરમમાં વિધાનસભા ચૂંટણીઓની તારીખ જાહેર કરી દેવામાં આવી છે.

**૫ રાજ્યોની ચૂંટણી વિશેની માહિતી**

કુલ વિધાનસભા બેઠક ૬૭૯
કુલ મતદારો - ૧૬ કરોડ મતદાર
કુલ પુરુષ મતદારો - ૮.૨ કરોડ
કુલ મહિલા મતદારો - ૭.૮ કરોડ
૬૦ લાખથી વધુ મતદારો પ્રથમ વખત મતદાન કરશે

૩૧ ઓક્ટોબર સુધી રાજકીય પક્ષોએ મળેલા ડોનેશનની વિગતો આપવી પડશે.

**૫ રાજ્યોમાં ૧.૭૭ લાખ મતદાન મથકો રહેશે :** ૫ રાજ્યોમાં ૧.૭૭ લાખ મતદાન મથકો રહેશે. ચૂંટણી પંચે તમામ મતદારોને મતદાર યાદીમાં તેમના નામ ચેક



કરવા, તેમની વિગતો સુધારી લેવા કરી અપીલ. ૧૭ ઓક્ટોબરે મતદાર યાદી જાહેર થશે. ૨૩ તારીખ સુધી યાદીમાં સુધારા કરી શકાશે. ચૂંટણી રાજ્યોમાં ૯૪૦ ચૂંટણી પોસ્ટ બનાવાઈ, જેનાથી તમામ પ્રક્રિયા પર નજર રખાશે.

**મહિલા મતદારોની સંખ્યા વધી :** આ વખતે પીવીટીજી ૧૦૦ ટકા વોટરોનું રજિસ્ટ્રેશન થયું. પીવીટીજીએ આદિવાસીઓ માટે ખાસ વ્યવસ્થા છે

**૫ રાજ્યોમાં ૬૭૯ વિધાનસભા સીટો :** મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે જણાવ્યું હતું કે, ચૂંટણી પંચે તમામ ૫ રાજ્યોની મુલાકાત લીધી હતી અને તમામ રાજ્યોના રાજકીય પક્ષો સાથે બેઠકો કરી હતી. મિઝોરમનો કાર્યકાળ ડિસેમ્બર ૨૦૨૩માં પૂરો થાય છે. બાકીના રાજ્યોનો કાર્યકાળ જાન્યુઆરી ૨૦૨૪માં સમાપ્ત થઈ રહ્યો છે. આ ૫ રાજ્યોમાં ૬૭૯ વિધાનસભા સીટો છે.

**છત્તીસગઢની ૯૦ બેઠકો પર સતાનો સંગ્રામ :** છત્તીસગઢની ૯૦ બેઠકો પર વિધાનસભાની ચૂંટણી યોજાશે. છત્તીસગઢ વિધાનસભાનો કાર્યકાળ ૩ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સમાપ્ત થશે. છેલ્લી વિધાનસભા ચૂંટણી નવેમ્બર ૨૦૧૮માં યોજાઈ હતી. જેમાં કોંગ્રેસનો વિજય થયો હતો અને ભૂપેશ બઘેલ રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા.

**મિઝોરમમાં ૪૦ સીટો પર જંગ :** મિઝોરમમાં ૪૦ સીટો પર ચૂંટણી યોજાવાની છે. મિઝોરમ વિધાનસભાનો કાર્યકાળ ૧૭ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ સમાપ્ત થઈ રહ્યો છે. રાજ્યમાં છેલ્લી વિધાનસભા ચૂંટણી નવેમ્બર ૨૦૧૮માં યોજાઈ હતી, જેમાં મિઝો નેશનલ ફ્રન્ટે જીત મેળવી હતી અને રાજ્યમાં સરકાર બનાવી હતી. ત્યારબાદ જોરમથાંગા મુખ્યમંત્રી બન્યા.

**મધ્યપ્રદેશમાં ૨૩૦ બેઠકો પર આરપારની લડાઈ :** મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણીની વાત કરીએ તમામ ૨૩૦ બેઠકો માટેની ચૂંટણી યોજાશે. રાજ્યમાં વિધાનસભાનો કાર્યકાળ ૬ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ પૂરો થઈ રહ્યો છે. રાજ્યમાં છેલ્લી વિધાનસભા ચૂંટણી નવેમ્બર ૨૦૧૮માં યોજાઈ હતી. તે ચૂંટણીમાં કોંગ્રેસે રાજ્યમાં સરકાર બનાવી અને કમલનાથ મુખ્યમંત્રી બન્યા. પરંતુ માર્ચ ૨૦૨૦ માં, કોંગ્રેસના ૨૨ ધારાસભ્યોએ વિધાનસભામાંથી રાજીનામું આપ્યું અને જ્યોતિરાદિત્ય સિંધિયા સાથે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) માં જોડાયા. આ પછી રાજ્ય સરકાર પડી અને મુખ્યમંત્રી કમલનાથે રાજીનામું આપવું પડ્યું. આ પછી રાજ્યમાં ભાજપે સરકાર બનાવી અને શિવરાજ સિંહ ચૌહાણ મુખ્યમંત્રી બન્યા.

**રાજસ્થાનમાં ૨૦૦ બેઠકો પર ભાજપ કોંગ્રેસ સામસામે :** રાજસ્થાનમાં વિધાનસભાનો કાર્યકાળ ૧૪ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ પૂરો થઈ રહ્યો છે. રાજ્યની ૨૦૦ બેઠકો પર મતદાન થશે. ૨૦૧૮માં યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસે રાજ્યમાં સરકાર બનાવી અને અશોક ગેહલોત મુખ્યમંત્રી બન્યા.

**તેલંગાણામાં ૧૧૯ બેઠકો પર ચૂંટણી :** તેલંગાણા વિધાનસભાનો કાર્યકાળ ૧૬ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ સમાપ્ત થશે. તેલંગાણામાં ૧૧૯ બેઠકો પર મતદાન યોજાશે. તેલંગાણા રાષ્ટ્ર સમિતિએ રાજ્યમાં સરકાર બનાવી હતી. તેનું નામ હવે બદલીને ભારત રાષ્ટ્ર સમિતિ રાખવામાં આવ્યું છે. ચંદ્રશેખર રાવ બીજી વખત મુખ્યમંત્રી બન્યા.

**રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર**

| રાજ્ય | મતદાનની તારીખ | મતગણતરી-પરિણામ |
|---|---|---|
| મધ્યપ્રદેશ | ૭ નવેમ્બર | ૩ ડિસેમ્બર |
| છત્તીસગઢ | ૭ નવેમ્બર | |
| | ૧૭ નવેમ્બર | ૩ ડિસેમ્બર |
| રાજસ્થાન | ૨૩ નવેમ્બર | ૩ ડિસેમ્બર |
| તેલંગાણા | ૩૦ નવેમ્બર | ૩ ડિસેમ્બર |
| મિઝોરમ | ૭ નવેમ્બર | ૩ ડિસેમ્બર |

### ન્યૂઝ બ્રિફ

#### મ.પ્ર.માં શિવરાજ ચૌહાણ બુધનીથી, રાજસ્થાનમાં સાત સાંસદો ચૂંટણી લડશે

। ભોપાલ, તા.૯ ।

મધ્યપ્રદેશમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે ભાજપે ૫૭ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. સીએમ શિવરાજ સિંહ ચૌહાણ બુધનીથી, રાજ્યના ગૃહમંત્રી નરોત્તમ મિશ્રા દતિયાથી, ગોપાલ ભાર્ગવ રેહલીથી, વિશ્વાસ સારંગ નરેલાથી અને તુલસીરામ સિલાવત સાવરથી ચૂંટણી લડશે. વિધાનસભા ચૂંટણીની જાહેરાત થતા જ ભાજપે રાજસ્થાનની પ્રથમ યાદી જાહેર કરી છે. આ યાદીમાં ૪૧ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે.

#### પૂર્વ સીએમ ડો. રમણસિંહ રાજનાંદગાંવથી ચૂંટણી લડશે

। રાયપુર, તા.૯ ।

મધ્યપ્રદેશ અને રાજસ્થાન બાદ ભાજપે છત્તીસગઢ વિધાનસભા ચૂંટણી માટે પણ ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. ભાજપે રાજ્યની ૬૪ વિધાનસભા બેઠકો માટે ઉમેદવારો જાહેર કર્યા છે. આદિવાસી પ્રભુત્વ ધરાવતા રાજ્યમાં કુલ ૯૦ વિધાનસભા બેઠકો છે. રાજનાંદગાંવથી પૂર્વ સીએમ ડો. રમણ સિંહને તક આપવામાં આવી છે. આ ઉપરાંત લોરમીથી પ્રદેશ પ્રમુખ અરુણ સાઓને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે.

**વિધાનસભાની ચૂંટણી જાહેર થતા રાજકીય ગતિવિધિ તેજ**

## મધ્યપ્રદેશ અને રાજસ્થાન ભાજપના બે શક્તિશાળી નેતાઓને લઈને મોટું સસ્પેન્સ

**મ.પ્ર.માં શિવરાજને મુખ્યપ્રધાન પદ પાછું મળવા અંગે શંકા, વસુંધરા પણ કોઈ જવાબદારી ન મળતા મૂંઝવણમાં**

। નવી દિલ્હી, તા.૯ ।

મધ્યપ્રદેશ અને રાજસ્થાનના બે શક્તિશાળી અને દિગ્ગજ નેતા હાલના દિવસોમાં ભારે મૂંઝવણ અને તેમની ભૂમિકાને લઈને ભારે સસ્પેન્સના સમય ગાળામાંથી પસાર થઈ રહ્યા છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ ચૂંટણીની જાહેરાતના થોડા દિવસો પહેલા ભાવુક જોવા મળ્યા હતા. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે જો રાજ્યમાં ભાજપ ફરી સત્તામાં વાપસી કરશે તો તો શિવરાજને કદાચ સુકાની પદ નહીં મળે. એવા સંકેતો છે કે દિલ્હી હાઈકમાન્ડ



સીએમ શિવરાજને હવે સીએમ પદનો મોહ છોડવા કહી શકે છે.

હાલમાં જ પોતાના વિધાનસભા ક્ષેત્ર બુધનીમાં એક રેલીને સંબોધિત કરતા શિવરાજે લોકોને પૂછ્યું કે શું તેમણે ચૂંટણી લડવી જોઈએ કે નહીં? આ પહેલા પણ મુખ્યમંત્રીએ તેમના ગૃહ જિલ્લા સિહોરમાં એક સભામાં કહ્યું હતું કે તેમના ગયા પછી લોકો તેમને યાદ કરશે. ખરેખર તો આ ચૂંટણીમાં દિલ્હી દરબારની ઉદાસીનતાના કારણે શિવરાજ સિંહ ચૌહાણની બેચેની વધી ગઈ છે. ચૂંટણી વ્યવસ્થાપનથી માંડીને ટિકિટ વિતરણ સુધી તમામ બાબતો પર રાજ્યમાં હાઈકમાન્ડનું નિયંત્રણ છે. આવી સ્થિતિમાં શિવરાજ ચિંતિત દેખાય છે. દરેક ચૂંટણીમાં યોજાતી જન આશીર્વાદ યાત્રામાં તેઓ પ્રથમ વખત મુખ્ય ચહેરો નહોતા.

**પ્રફૂલ પટેલના ગૃહ જિલ્લામાં રાષ્ટ્રવાદી પક્ષમાં ગાબડું**

## ગોંદિયામાં એનસીપીમાં ફૂટ બાદ ૩૦૦ કાર્યકર્તાનો કોંગ્રેસમાં પ્રવેશ

। ગોંદિયા, તા.૯ ।

પ્રફુલ પટેલનો ગૃહ જિલ્લો એટલે કે ગોંદિયામાં રાષ્ટ્રવાદિના ગઢમાં ગાબડું પડ્યું છે. યુવા રાષ્ટ્રવાદીના તાલુકા અધ્યક્ષ સહિત ૩૦૦ કાર્યકર્તાઓએ કોંગ્રેસમાં પ્રવેશ કર્યો છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસમાં પડેલી ફૂટ બાદ આ તમામ કાર્યકર્તાઓ પ્રફુલ પટેલ સાથે હતાં. જોકે હાલમાં ભાજપના કાર્યકર્તાઓ ત્રાસ આપી રહ્યાં હોવાનો આક્ષેપ કરી રાષ્ટ્રવાદીના કાર્યકર્તાઓએ કોંગ્રેસનો હાથ પકડ્યો છે. ૨ જુલાઈ ૨૦૨૩ના રોજ મહારાષ્ટ્રના રાજકારણમાં એક મોટો રાજકીય ભૂંકપ થયો હતો. અજિત પવાર સત્તામાં સામેલ થયા હતાં. ત્યાર બાદ રાષ્ટ્રવાદી કોંગ્રસમાં અજિત પવાર અને શરદ પવાર એવા બે જૂથ પડ્યાં હતાં. જોકે ગોંદિંયા એ પ્રફુલ પટેલનો ગૃહ જિલ્લો



હોવાથી અહીં રાષ્ટ્રવાદીમાં કોઈ ભાગલા જોવા મળ્યા નહતાં. જોકે આ ભાગલા બાદ ઉપરના સ્તરે શિવસેવા, ભાજપ અને રાષ્ટ્રવાદી (અજિત પવાર જૂથ) ભેગા થવાથી સામાન્ય કાર્યક્તાઓને પણ સાથે કામ કરવાની ફરજ પડી હતી.જોકે રાષ્ટ્રવાદી, શિવસેના અને ભાજપ એક સાથે કામ કરી રહી છે ત્યારે સામાન્ય કાર્યકર્તાઓમાં ઘણાં પ્રશ્નો ઊભા થયા હતાં.

## શાહરૂખ ખાનને ધમકી મળતા વાય સુરક્ષા અપાઈ

। મુંબઈ, તા.૯ ।

બોલીવૂડના બાદશાહ શાહરૂખ ખાન માટે વર્ષ



૨૦૨૩ ખુબ જ સારું રહ્યું છે. જાન્યુઆરીમાં રિલીઝ થયેલી તેની ફિલ્મ પઠાને બોક્સ ઓફિસ પર ધૂમ કમાણી કરી હતી. ત્યારબાદ ૭ સેપ્ટેમ્બરે રિલીઝ થયેલી શાહરૂખની ફિલ્મ જવાનને પણ દર્શકોએ ખુબ પસંદ કરી હતી. બોક્સ ઓફિસ પર ફિલ્મ જવાને પણ જબરદસ્ત કમાણી કરી છે. જો કે આ દરમિયાન શાહરૂખના ફેન્સને ચિંતિત કરનાર સમાચાર આવી રહ્યા છે. મળેલ અહેવાલ મુજબ શાહરૂખ ખાનને સતત જાનથી મારવાની ધમકીઓ મળી રહી હતી જે પછી મહારાષ્ટ્ર સરકારે તેની સુરક્ષા વધારી દીધી છે.શાહરૂખ ખાનને આપવામાં આવેલી સુરક્ષા અંગે મહારાષ્ટ્ર પોલીસે નિવેદન આપતા જણાવ્યું કે 'શાહરૂખ ખાનને કથિત રીતે જાનથી મારી નાખવાની ધમકીઓ મળ્યા બાદ મહારાષ્ટ્ર સરકારે તેને વાય સિક્યોરીટી આપીને તેની સુરક્ષા વધારી છે.

**ગોલ્ડ બરાડના નામે ધમકી આપવામાં આવી**

## મહારાષ્ટ્રના કોંગ્રેસના ધારાસભ્ય અસલમ શેખને મારી નાખવા ધમકી

। મુંબઈ, તા.૯ ।

મહારાષ્ટ્રમાં કોંગ્રેસના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી અસલમ શેખને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. ધમકી આપનાર વ્યક્તિએ પોતાની ઓળખ ગોલ્ડી બરાડ તરીકે આપી છે. પોલીસે આ મામલે કેસ નોંધીને તપાસ હાથ ધરી છે. કોંગ્રેસના ધારાસભ્યને બે વખત ધમકીભર્યા ફોન આવ્યા હતા. ફોન પરના વ્યક્તિએ અસલમ શેખના અંગત સહાયકને કહ્યું કે,



હું ગોલ્ડી બરાડ બોલી રહ્યો છું અને અસલમ શેખને ૨ દિવસમાં ગોળી મારી દેવામાં આવશે.

પોલીસે આ મામલે જાણકારી આપતા જણાવ્યું કે, અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ એફઆઈઆરનોંધવામાં આવી છે અને ફોન કોલ કરનાર વ્યક્તિને ટ્રેસ કરવા માટે એક ટીમની રચના કરવામાં આવી છે. અધિકારીએ જણાવ્યું કે, વ્યક્તિ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૬ (૨) અને ૫૦૭ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. અધિકારીએ જણાવ્યું કે, આ મામલે તપાસ ચાલી રહી છે. ટૂંક સમયમાં આ કોલરને શોધી કાઢવામાં આવશે. આ ફોન કોલ અસલમ શેખના અંગત સહાયક અને વકીલ વિક્રમ કપૂરે રિસીવ કર્યો હતો.




સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

LIVE
cnngujarat.co.in

આજે જ cnngujarat.co.in વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...



### રાજ્યમાં હાર્ટ એટેકના કેસોમાં જોરદાર ઉછાળો

# પોલીસ ભરતી માટે દોડની પ્રેક્ટિસ કરતા યુવકનું હાર્ટ એટેકથી મોત

### દોડતા દોડતા જ અચાનક યુવક રસ્તા પર ઢળી પડતા સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો



। સુરેન્દ્રનગર, તા.૯ ।

ગુજરાતમાં દિવસેને દિવસે યુવાનોમાં હાર્ટ એટેકના કેસ વધી રહ્યા છે. રાજકોટમાં તો છેલ્લા એક મહિનામાં હાર્ટ એટેકનાં ૪૫૦ કેસ નોંધાયા છે. જેથી વહીવટી તંત્રનીચિંતા વધી ગઈ છે. તેવામાં આજે હાર્ટએટેકથી વધુ એક યુવકનું મોત નિપજ્યું છે. જી હા... સુરેન્દ્રનગર વિસ્તારમાં સાયલાના સુદામડામાં ૨૫ વર્ષીય કલ્પેશ ચાવડા નામના યુવકનુ મોત નિપજ્યું છે.

પોલીસ ભરતી માટે દોડવાની પ્રેક્ટિસ કરી રહ્યો હતો, તે દરમિયાન દોડતા દોડતા જ અચાનક યુવક રસ્તા પર ઢળી પડતા સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. સાયલા સરકારી હોસ્પિટલના ફરજ પરના ડોક્ટરે હાર્ટએટેકના કારણે યુવકનુ મોત નિપજ્યું હોવાનુ જાહેર કરતા પરિવારજનોમાં શોકનો માહોલ જોવા મળી રહ્યો છે.

જોકે, આ પહેલીવાર નથી જ્યારે રાજ્યનાં ૨૦થી ૨૫ વર્ષના યુવકનું હાર્ટ એટેકથી મોત થયું હોય. કોરોનાકાળ બાદ રાજ્યમાં હાર્ટ એટેકના કેસોમાં જોરદાર ઉછાળો આવ્યો છે. જેના કારણે અનેક યુવાનોએ મોતાની જિંદગી ગુમાવી છે. ત્યારે સુરેન્દ્રનગર વિસ્તારમાં સાયલાના સુદામડામાં ૨૫ વર્ષીય કલ્પેશ ચાવડા પોલીસ ભરતી માટે દોડવાની પ્રેક્ટિસ કરી રહ્યો હતો તે દરમિયાન દોડતા દોડતા જ અચાનક યુવક રસ્તા પર ઢળી પડતા સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. ત્યારબાદ સરકારી હોસ્પિટલના ફરજ પરના ડોક્ટરે હાર્ટએટેકના કારણે યુવકનુ મોત નિપજ્યું હોવાનુ જાહેર કર્યુ હતું.

દર મહિને રાજકોટ શહેર અને જિલ્લામાં ૪૦૦ થી ૪૫૦ જેટલા હાર્ટ એટેકના કેસ નોંધાઈ રહ્યા છે. ૧૦૮ દ્વારા હાર્ટ એટેકના કેસ હોસ્પિટલ સુધી પહોંચાડવામાં આવે છે. રાજકોટ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ ગ્રામ્ય વિસ્તારમાં ૪૨ અને શહેરી વિસ્તારમાં ૨૨ છે. દરરોજ ૧૫ જેટલા કેસ સામે આવી રહ્યા છે. ૧૦૮ એમ્બ્યુલન્સમાં છઈઠ્ઠ મશીન પણ રાખવામાં આવ્યા છે, જેથી હૃદય બંધ પડી ગયું હોય તો શોક આપી શરૂ કરી શકાય. જે વિસ્તારમાં અર્વાચીન રાસોત્સવમાં થતા હશે તેને હોટ સ્પોટ પણ જાહેર કરવામાં આવશે. જ્યાં એમ્બ્યુલન્સ સતત આંટાફેરા કરતી રહેશે. ટ્રાફિક સમસ્યા ન થાય તે માટે આયોજકોને પણ એમ્બ્યુલન્સ માટે ઈમરજન્સી ગેટ આપવા સૂચના આપવામાં આવી છે.

# ડાયમંડ ઉદ્યોગમાં દિવાળી પછી આવી શકે છે તેજી!

### છેલ્લા ૨૦ વર્ષથી અમદાવાદના બાપુનગર વિસ્તારમાં હીરા ઘસવાનું કામ કરતા સુમિતભાઈ ગળધરીયા હાલ મુશ્કેલીમાં મુકાયા છે

। અમદાવાદ, તા.૯ ।

શહેરનો ડાયમંડનો બિઝનેસ મંદીમાં સપડાયો છે. યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધના કારણે હજુ પણ આ ઉદ્યોગ મંદીના મારથી ઊભો થઈ શક્યો નથી. યુદ્ધની અસરના કારણે રશિયાથી હીરાનો ૭૦ ટકા કાચોમાલ આવવાનો બંધ થઈ ગયો હતો. જેથી જ્યાં સુધી સંપૂર્ણ યુદ્ધ વિરામ નહિ થાય ત્યાં સુધી મંદીની અસર વર્તાશે. જોકે દિવાળી બાદ ડાયમંડ ઉદ્યોગમાં અચ્છે દિન આવે તેવી આશા વેપારીઓ સેવી રહ્યા છે.

છેલ્લા ૨૦ વર્ષથી અમદાવાદના બાપુનગર વિસ્તારમાં હીરા ઘસવાનું કામ કરતા સુમિતભાઈ ગળધરીયા હાલ મુશ્કેલીમાં મુકાયા છે. કારણ કે, હીરા ઉદ્યોગ મંદિરમાં સપડાયો છે સુમિતભાઈનું કહેવું છે કે, મંદીના કારણે પરિવારનું બીજદાન ચલાવવું પણ ખૂબ મુશ્કેલ પડી રહ્યું



છે. આ સાથે જ બાળકોને અભ્યાસ માટેની ફી ભરવામાં મુશ્કેલી પડી રહી છે. એક સમય હતો કે, હીરા ઘસવાના આ કામમાં મહિને ૧૫ થી ૨૦,૦૦૦ જેટલું કામ થતું હતું. પરંતુ હવે એ આવક ૧૦,૦૦૦ થી નીચેની થઈ ગઈ છે. હવે ડાયમંડ ઉદ્યોગમાં તેજી આવે તો અમારી દિવાળી સુધરી શકે. વર્ષોથી ગુજરાતમાં સુરતને ભલે ડાયમંડ નગરી કહેવતી હોય પણ અમદાવાદમાં મિલો બંધ થયા પછી શહેરને આર્થિક રીતે સધ્ધર રાખવામાં હીરા ઉદ્યોગનો મહત્વનો ફાળો રહ્યો છે.

સમય જતાં બિઝનેસમાં તેજી મંદી રહેતા અનેક વેપારીઓ અન્ય ધંધામાં ડાયવર્ટ થઈ ગયા. છતાં હજુએ અમદાવાદના ઘણા વેપારીઓ ડાયમંડ બિઝનેસ સાથે સંકળાયેલા છે. જેઓ હાલ રશિયા અને યુક્રેનના યુદ્ધના કારણે મંદીનો માર સહન કરી રહ્યા છે. પણ હવે દિવાળી પછી ઉદ્યોગને સારા દિવસો આવે તેવી આશ વેપારીઓ લગાવીને બેઠા છે. વિવેકાનંદ ડાયમંડ એસોસિયેશનના પ્રમુખ નરસિંહભાઈ પટેલ જણાવે છે કે અમદાવાદ પૂર્વ વિસ્તાર નાના મોટા ૭૦૦ કારખાના છે અને સવા લાખથી વધુ લોકો રોજગારી મેળવી રહ્યા છે. હાલમાં જી રાષ્ટ્રોના નિર્ણયથી ભારતમાં રફ માલની આયાત સરળતાથી થઈ શકશે. તો અમદાવાદ ડાયમંડ એસોસયેશનના પૂર્વ મંત્રી મગનભાઈ પટેલ પણ દિવાળી બાદ હીરા ઉદ્યોગના સારા દિવસો આવે તેવી આશા રાખી રહ્યા છે. સમાન્ય રીતે દિવાળીમાં અમદાવાદમાં હીરા ઉદ્યોગમાં કારીગરોને ૨૦ દિવસનું વેકેશન હોય છે. જો મંદીના વાદળ હટશે તો વેકેશન ૧૨ દિવસનું થઈ જશે મંદી નહિ હટે તો દોઢ મહિનાનું વેકેશન નક્કી છે.



નવરાત્રિમાં માતાજીના દીવા કરવા માટે નાના કોડીયા બનાવી રહેલ કારીગર.

# એક વર્ષનું બાળક રમકડાંનું એલઈડી બલ્બ ગળી ગયું

। અમદાવાદ, તા.૯ ।

સિવિલ હોસ્પિટલમાં માતા- પિતા માટે ચેતવણી સમાન કિસ્સા સામે આવ્યા છે. છેલ્લા પાંચ દિવસમા સિવિલ હોસ્પિટલમાં બે બાળકોની શ્વાસનળીમાંથી ફોરેન બોડી દૂર કરાવામા આવ્યા છે . આ બે દર્દીઓમાં અમદાવાદના કુબેરનગરની એક વર્ષની નિત્યા રજક જેના જમણા ફેફસામાંથી એલઈડી બલ્બ દૂર કરાયો છે. અન્ય દર્દી દસ મહિનાનો યુવરાજ ઠાકોર એના જમણા ફેફસામાંથી ગવાર સિંગના ટુકડો ફસાઈ જતા ઈમરજન્સીમાં બ્રોક્રોસ્કોપી કરી એને કાઢીને બાળકનો જીવ બચાવવામાં આવ્યો. પહેલા કિસ્સાની વિગતો જોઈએ તો, નિત્યા રજતને માથાના ભાગમાં ગંભીર પ્રકારની ઈજાઓ થતાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલના ન્યુરોસર્જરી વિભાગમાં દાખલ કરી એના ઈન્વેસ્ટિગેશન કરવામાં આવ્યા? તેના છાતીના ભાગનો ઠ-ક્રિઅ કરવામાં આવતા જમણા ફેફસાંમાં કંઈક બાહ્ય પદાર્થ ફસાયેલું હોવાનું માલુમ પડયું. તેના માતા-પિતાને એ ખબર જ નહોતી કે તેમની બાળકીના ફેફસાની અંદર બલ્બ ફસાયો છે એ ક્યાંથી આવ્યો અને કેવી રીતે એ ગળી ગઈ. તબીબોનું એવું માનવું છે કે જ્યારે એલઈડી બલ્બ એના મોઢામાં હશે એ સમયે ઓપરાઈ જવાથી એ એલઈડી બલ્બ એની શ્વાસનળીમાં થઈ અને જમણા ફેફસાની શ્વાસનળીમાં ફસાયું હોઈ શકે. બાળરોગ સર્જરી વિભાગના તબીબોએ એનેસ્થેસિસ્ટ ડૉ.ભાવનાબેન રાવલના સહયોગથી આ બલ્બ દૂર કર્યો. બીજા કિસ્સામાં માત્ર દસ વર્ષનો યુવરાજ ઠાકોરને ચાર ઓક્ટોબરની રાત્રે પેટમાં એકાએક દુ:ખાવો થતાં તેને વિરમગામ થી અમદાવાદ સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગમા લાવવામાં આવ્યો. હોસ્પિટલમા આ બાળક આવ્યો ત્યારે એનો શ્વાસોશ્વાસની તકલીફ ખૂબ વધી ગઈ. તેનો સીટી સ્કેન અને એક્સરે કરતાં ખબર પડી કે જમણો ફેફસું ખૂબ ફુલી ગયું હતું. સીટી સ્કેનમાં માલુમ પડ્યું એ જમણા ફેફસાની અંદર કંઈક ફોરેન બોડી છે. જેથી તાત્કાલિક અસરથી આ બાળકની બ્રોક્રોસ્કોપી કરવામાં આવી.આ દરમિયાન જે ફોરેન બોડી કાઢવામાં આવ્યું ત્યાંરે એ લીલા કલરની ફોરેન બોડી જે ગવાર સિંગના ટુકડો હોવાનું માલુમ પડ્યું.

જે ફેફસાં ફસાઈ ગયું હોવાના કારણે બાળકને શ્વાચ્છોશ્વાસમાં તકલીફ પડી રહી હતી. જેને સર્જરી ઈમરજન્સી વિભાગના ડૉ. કિરણ પટેલની મદદથી સર્જરી દ્વારા કાઢી નાખવામાં આવ્યું .હાલ બાળક એકદમ સ્વસ્થ છે અને તેને રજા પણ આપી દેવામાં આવી છે. સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ અને બાળરોગ સર્જરી વિભાગના વડા ડૉ રાકેશ જોશી જણાવે છે કે, માત્ર પાંચ દિવસના ટૂંકા ગાળામાં એક વર્ષની આસપાસના બે બાળકોના જમણા ફેફસામાંથી અજીબો ગરીબ પ્રકારની ફોરેન બોડી કાઢીને એમને નવજીવન આપવામાં આવ્યું છે. તેઓ દરેકે માતા-પિતા કે વાલીઓ કે જેના બાળકો પાંચ વર્ષથી નાના છે તેમને અપીલ કરતા કહે છે કે, આવા બાળકોના હાથમાં આવા પ્રકારની ફોરેન બોડી ન આવી જાય એના માટે ખૂબ સાવચેતી રાખવી જોઈએ. ખાસ કરીને સિંગના દાણા, ચણા, આવી રીતે શાકના ટુકડા, એલઈડી બલ્બ અને એવી રીતે જોઈએ તો ઘડિયાળના જે બલ્બ આવે છે.

### વીડિયોમાં કહ્યું કે આતંકીઓ સીધા શૂટ કરે છે

# ઈઝરાયલમાં સ્થાયી ગુજરાતી મહિલાએ વર્ણવી યુદ્ધની ભયંકર પરિસ્થિતિ

। રાજકોટ, તા.૯ ।

પેલેસ્ટાઈનના ઉગ્રવાદી સંગઠન હમાસ અને ઈઝરાયેલ વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે. ૭ ઓક્ટોબરની સવારે હમાસે ઈઝરાયેલ તરફ લગભગ ૫,૦૦૦ રોકેટ છોડ્યા હતા. આ પછી ઈઝરાયલે હમાસ વિરુદ્ધ યુદ્ધની જાહેરાત કરી છે. ત્યારે ઈઝરાયલમાં સ્થાયી થયેલા ગુજરાતીએ ત્યાંની હાલની સ્થિતિ વર્ણવી છે. રાજકોટના સોનલબહેન ગેડિયાએ સોશિયલ મીડિયા પર વીડિયો પોસ્ટ કરીને જણાવ્યું કે હાલમાં બધા નાગરિકો સુરક્ષિત છે. હમાસના આતંકીઓ રસ્તા પર લોકો પર હુમલો કરે છે.

ઈઝરાયલમાં સ્થાયી થયેલા ગુજરાતીએ યુદ્ધની હાલની સ્થિતિ વર્ણવી છે. રાજકોટના સોનલબહેન ગેડિયા ઈઝરાયલમાં સ્થાયી થયા છે. સોનલબેન ગેડિયાએ સોશ્યલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કર્યો છે. જેમાં તેઓએ જણાવ્યું છે કે હમાસના આતંકીઓ રસ્તા પર લોકો પર હુમલો કરે છે. હાલમાં બધા નાગરિકો સુરક્ષિત છે. હાલમાં ગાઝા તરફથી વિસ્ફોટના અવાજ આવે છે. ત્રાસવાદી સંગઠન રોડ ઉપર કોઈપણ દેશના નાગરિક પર હુમલો કરે છે. બાટીયમ સિટીમાં રાત્રે ધમાકા થયા હતા પરંતુ અત્યારે શાંતિ છે.

વધુમાં સોનલબહેન ગેડિયાએ કહ્યું કે, હાલમાં બધા નાગરિકો સુરક્ષિત જગ્યાએ છે. હાલમાં ગાઝા તરફથી ધડાકાના અવાજ આવી રહ્યા છે. મિસાઈલ પણ અત્યારે છોડવામાં આવી રહી છે.

### ૩૫૦ સ્પા પૈકી ૨૧૫ સ્પામાં તપાસ કરાઈ

# સ્પામાં કામ કરતી મહિલાના વીડિયો બાદ અમદાવાદના સ્પા સંચાલકો સામે તવાઈ

। અમદાવાદ, તા.૯ ।

સિંધુભવન રોડ પર સ્પામાં કામ કરતી મહિલાના વાયરલ થયેલા વિડિયો બાદ અમદાવાદ શહેર પોલીસ સફાળી જાગી છે. ત્યારે શહેર પોલીસે શહેરના ૩૫૦ સ્પા પૈકી ૨૧૫ સ્પામાં તપાસ હાથ ધરી હતી.

જેમાં ૨૪ સ્પા પર કાયદેસરની કાર્યવાહી કરી છે. થોડા દિવસ અગાઉ સિંધુભવન રોડ પર સ્પ ાની મહિલા કર્મચારીને મારમારતો વિડીયો વાયરલ થયા બાદ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર દ્વારા અમદાવાદ શહેરમાં આવેલ સ્પા તથા મસાજ પાર્લરમાં ગેરકાયદેસરની પ્રવૃત્તિ થતી અટકાવવા માટે સુચના આપવામા આવી છે. જેને લઈને અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારમાં ચાલતા મસાજ પાર્લર તથા સ્પામાં તપાસ હાથ ધરાઈ.

રાજ્ય સરકારની કડક સુચના બાદ અમદાવાદ શહેર પોલીસ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં કુલ ૨૪ જેટલા સ્પા અને મસાજ સેન્ટર માં પોલીસ કમિશનરના જાહેરનામાના બદલ ફરિયાદ ફરિયાદ નોંધાઈ છે. આવનાર દિવસોમાં પણ સપરાઈઝ સ્પા અને મસાજ સેન્ટરમાં શહેર પોલીસ તપાસ કરશે. વારંવાર અને મસાજ સેન્ટરના નામે અનૈતિક પ્રવૃત્તિ ચાલતી હોવાના કિસ્સા સામે આવી ચૂક્યા છે, ત્યારે આ અનૈતિક પ્રવૃત્તિને નાબૂદ કરવા માટે પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. અમદાવાદ શહેરમાં અંદાજે ૩૫૦ જેટલા અને મસાજ સેન્ટર કાર્યરત છે.

## વિશેષ લેખ

### અર્વાચીન ગરબા કે શેરી ગરબાથીથી હાર્ટ એટેકનું જોખમ ઓછું

# નવરાત્રિ ગરબા રમતી વખતી કે પ્રેક્ટિસ કરતી વખતે હાર્ટ એટેકના કિસ્સાઓમાં વધારો ચિંતાજનક



સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ

છેલ્લાં કેટલાંક સમયથી ગરબામાં હાર્ટ અટેકના કિસ્સાઓમાં વધારો થઈ રહ્યો છે. આવો જ એક કિસ્સો હાલ સુરતથી સામે આવ્યો છે. સુરતમાં ગરબાની પ્રેક્ટિસ કરતા ૨૮ વર્ષના યુવાનને હાર્ટ અટેક આવવાની ઘટના બની છે...ગરબાની પ્રેક્ટિસ કરતા કરતા અચાનક આ યુવાન ઢળી પડ્યો હતો અને બેભાન થઈ ચુક્યો હતો. સારવાર અર્થે તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવાતા ત્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. હાલ મોતનું પ્રાથમિક કારણ હાર્ટ અટેક માનવામાં આવી રહ્યું છે. જુવાનજોધ દીકરાના મોતથી પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. ઉલ્લેખનીય છેકે નવરાત્રિ બાદ આ યુવક યુ.કે. ભણવા માટે જવાનો હતો. તેની સંપૂર્ણ તૈયારીઓ પણ કરી લેવામાં આવી હતી.

થોડા દિવસો પહેલા જ રાજકોટમાં હાર્ટ એટેકના કારણે એક દિવસમાં ૩ વ્યક્તિના મોત થયા હતા. જેમાંથી એકનું તો ગરબાની પ્રેક્ટિસ કરતા સમયે મોત નીપજ્યું હતું. બહારથી એકદમ સ્વસ્થ દેખાતો વ્યક્તિ છે જેને અચાનક જ ચક્કર આવે છે અથવા ગભરામણ થાય છે અને જોતજોતામાં તે ઢળી પડે છે અને હંમેશ માટે મૃત્યુ શૈયામાં પોઢી જાય છે. ગુજરાતમાં નાની ઉંમરે હૃદયરોગના હુમલાથી મૃત્યુના કિસ્સા વધતા જાય છે. લગ્નમાં નાચતી વખતે, ક્રિકેટ રમતી વખતે, ગરબા રમતી વખતે, વાહન ચલાવતી વખતે કે પછી જીમમાં કસરત કરતી વખતે હાર્ટ એટેક આવવાની સાથે જ સ્થળ પર જ મૃત્યુના કિસ્સાઓ દિવસેને દિવસે



સામે આવી રહ્યા છે. ત્યારે ગુજરાતમાં ગરબા રમતા રમતા વધુ એક યુવકનું હાર્ટ એટેકથી મૃત્યુ થયું છે. નવરાત્રી પહેલા ગરબાની પ્રેક્ટિસ દરમિયાન વધુ એક યુવકને હાર્ટ એટેક ભરખી ગયો છે.ત્યારે નવરાત્રીમાં આ વખતે ખેલૈયાઓએ ખાસ કાળજી રાખવાનો સમય પાકી ગયો છે જોઉઈ શું કહે છે આ અંગે હૃદયરોગ નિષ્ણાંતો..

નવરાત્રીને આડે હવેગણતરીના દિવસોબાકી રહ્યા છે,ત્યારે ખેલૈયાઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પણ સાથે સાથે ચિંતા પણ કોરી ખાતી હોય તેવી સ્થિતિ પ્રવર્તી રહીછે. રાજ્યમાં હાર્ટ એટેકના બનાવોને પગલે આયોજકોની સાથે સાથે ખેલૈયાઓ પણચિંતિત છે. આ વખતે ગરબા સ્થળે તમામ મેડિકલસુવિધાઓ ઊભી કરવામાં આવશે, પરંતુ તેમ છતાં કોઈ અઘટિત ઘટના ન ઘટે તે માટે આયોજકો માને પ્રાર્થના કરી રહ્યા છે.કે ક્યાંક અમારો ખેલ ના બગડે.આ બધા વચ્ચે નિષ્ણાંતો પરંપરાગત ગરબાને પુનઃ અપનાવવાનો સમય આવી ગયો હોવાનું જણાવી રહ્યા છે. આપણા અર્વાચીન ગરબા અને શેરી ગરબામાં માની ભક્તિ અને સ્તુતિની સાથે સાથે શરીરને હળવી કસરત આપનારા છે. ત્યારે પાર્ટી પ્લોટમાં ઠેકડા મારી મારીને નાચવાનીજગ્યાએ એક તાળી, બે તાળી, ત્રણ તાળી જેવા અર્વાચીન ગરબાઓ તરફ વળવાની સલાહ નિષ્ણાંતો આપે છે.

આ વખતે પાર્ટી પ્લોટમાં યોજાતા ગરબામાં - ગ્રાઉન્ડમાં મેડિકલ સુવિધાઓ ઉભી કરવામાં આવશે,પરંતુ ખેલૈયાઓ સાવ નિશ્ચિંત થઈને આ વર્ષેગરબે નહીં ઘુમે. વાલીઓમાં પણ આ વખતે હાર્ટ એટેકના જોખમને લઈને ચિંતા જોવા મળી રહી છે. ત્યારે નિષ્ણાંતો પરંપરાગત અનેઅર્વાચીન ગરબા તરફ વળવાનો સમય આવી ગયો હોવાનું જણાવે છે. ગાડરીયા પ્રવાહમાં વહીને યુવાઓ પોતાના સ્વાસ્થ્યને જોખમમાં નાખતા જોવા મળે છે. પાર્ટી પ્લોટમાં ભીડમાંસતત કાસ્ટ મ્યુઝિક ઉપર ગરબા રમતા રમતા ખેલૈયાઓ થાકે ત્યારે ફાસ્ટ ફૂડ કે કોલ્ડ્રીંક ઉપર મારો ચલાવે છે. જે તેમના સ્વાસ્થ્ય માટે નુકસાનકારક છે. જયારે અર્વાચીન ગરબામાં માં ની ભક્તિની સાથે સાથે શરીરને હળવી કસરતથાય છે.

આ અંગે જાગૃતી લાવવા અને આવા કિસ્સાઓ ટાળવા ફિઝિશિયન અને નોન ઈન્ટોરેશન કાર્ડિયોલોજીસ્ટ તરીકે ફરજ બજાવતા ડો. રાજેશ તૈલી કેટલીક મહત્વની વાતો જણાવી હતી જેમાં ખાસ કરીને માતા-પિતાએ શું કાળજી લેવી જોઈએ. આ બાબતે ડો. રાજેશ તૈલીએ જણાવ્યું હતું કે, ૨૫ વર્ષ કે, તેનાથી નાની ઉંમરના લોકોનું જે મૃત્યુ થાય છે તેમાં હાર્ટ એટેક નહીં પણ હર્દયની અંદરના સ્નાયુમાં અથવા તો વાલ્વની આંતરિક રોગ જવાબદાર હોય છે. યુરોપમાં તો એવું પણ જોવા મળ્યું છે કે, જે લોકોને ગંભીર કોરોના થયો હતો જેને હૃદય પર સોજો આવી ગયો હોય તેવા લોકોમાં તાત્કાલિક મૃત્યુ થવાનું જોખમ વધારે રહે છે.

જેમાં ખેલૈયાઓએ ત્રણ બાબતોને ખાસ લક્ષ્યમાં રાખવી જોઈએ કે, નાની ઉંમરમાં હાર્ટ એટેક અથવા કોઈ હૃદયમાં તકલીફ હોય, ભારે કોરોના થયો હોય તો આવા કેસમાં તાત્કાલિક મૃત્યુની સંભાવના વધી જાય છે. શારીરિક શ્રમથી હાર્ટ બેસી જાય એ જરૂરી નથી પણ અમુક લાગણીના આવેગમાં પણ હાર્ટ બેસી જવાની શક્યતા વધારે હોય છે. ત્યારે યુવાનોને જો આ પ્રકારની કોઈ તકલીફ હોય તો ગરબા રમતા પહેલા તેમને ડોક્ટરી તપાસ કરાવી લેવી ખૂબ જ જરૂરી છે.

સાદો કાર્ડિયોગ્રામ, હૃદયનો ઈકો અને જરૂર લાગે તો હૃદયનો સ્ઁઈ કરીને પણ જાણી શકાઈ છે. દરેક માતા-પિતાએ પોતાના સંતાનને ગરબા રમવા મોકલતા પહેલા કેટલીક ખાસ તકેદારી રાખવી જોઈએ.જેમ કે, તમારા પરિવારમાં કોઈને નાની ઉંમરમાં હાર્ટ એટેક આવેલો છે, પરિવારમાં કોઈ યુવાન વયની ઉંમરે તત્કાળ મૃત્યુ થયું છે, જેને ગરબા રમવા મોકલો છો તેને નાની ઉંમરમાં કોરોના થયેલો છે કે નહીં, સામાન્ય દાદરો ચડવામાં થાક લાગવો, થોડોક શ્રમ કરવાથી ચક્કર આવી જવા, શ્વાસમાં તકલીફ, સાધારણ શ્વાસ લેવામાં તકલીફ પડવી તો જો તમારા બાળકોમાં આવા કોઈ પણ લક્ષણો જોવા મળે તો તેને ગરબા રમવા ન મોકલવા અથવા તો ખૂબ જ કાળજી રાખવી.

**નવરાત્રિમાંવધુકઈકઈબાબતોનુંરાખવુંખાસધ્યાન?**

સતત ૩-૪ કલાક ગરબા રમવા છે તો પહેલા હેલ્થ ચેકઅપ કરાવો.

● બ્લડપ્રેશર, સુગર, ડાયાબિટીસ મપાવી લેવું.
તેમજ ઘરનો સ્વચ્છ ખોરાક લેવો.

● સતત જંકફૂટ-પેકેટેડ ફૂડ ન ખાવું અને નવરાત્રિના

● તહેવારમાં ઉજાગરા કરવાનું ટાળો.

● પૂરતી ઉંઘ ન થાય તો પણ ધબકારા અને પ્રેશર વધે છે.

● તમાકુ, સિગારેટ, આલ્કોહોલ જેવા માદક દ્રવ્યોથી દૂર રહો.

જે દિવસે માંદગી હોય તે -દિવસે ગરબા રમવાનું ટાળો.

ગરબા રમવાના દોઢ કલાક પહેલા ભોજન લો.

● ગરબા રમતા સમયે ચક્કર આવે તો તરત જ એકબાજુ બેસી જાઓ.

● ચક્કર આવે કે ગભરામણ થાય તો તરત જ ઉંડા શ્વાસ લો.

● આસપાસ જે વ્યક્તિ હોય તેને તમારી તકલીફ જણાવો.

ગરબા દરમિયાન ચક્કર આવે કે ગભરામણ થાય તો કાર્ડિયાક અરેસ્ટ હોય શકે છે.

● ગરબા રમ્યા બાદ ફળ કે ડ્રાયફ્રૂટ લઈ શકો છો.





તાંઝાનિયાના રાષ્ટ્રપતિ સામિયા સુલુહૂ હસન ચાર દિવસની ભારતની રાજકીય મુલાકાતે આવ્યાં છે. આજે તેમણે બંને દેશો વચ્ચે ઉત્કૃષ્ટ સંબંધોની સરાહના કરી અને કહ્યું કે, તેમની યાત્રાથી ભારત અને તાન્ઝાનિયાની રાજકીય અને આર્થિક વિકાસ માટેના નવા રસ્તાઓ ખુલશે. તેમણે કહ્યું કે આ યાત્રાથી તેમના દેશવાસીઓને ઘણી આશાઓ છે.

## ન્યૂઝ બ્રિફ

### આંધ્ર હાઈકોર્ટે ચંદ્રાબાબુ નાયડૂની ત્રણ જામીન અરજી ફગાવી દીધી



। નવી દિલ્હી, તા.૯ ।

આંધ્ર પ્રદેશ હાઈકોર્ટમાંથી ફરી એક વખત પૂર્વ સીએમ ચંદ્રબાબુ નાયડૂને ઝટકો લાગ્યો છે. આંધ્ર પ્રદેશ હાઈકોર્ટે નાયડૂ દ્વારા અલગ-અલગ કેસોમાં દાખલ ૩ જામીન અરજી ફગાવી દીધી છે. સીઆઈડીએ ૯ સ્પટેમ્બરના રોજ ચંદ્રબાબુ નાયડૂની ધરપકડ કરી હતી. પુર્વ મુખ્યમત્રી ચંદ્રબાબુ નાયડૂને આંધ્ર પ્રદેશ સ્ટેટ સ્કિલ ડેવલપમેન્ટ કૌભાંડમાં મુખ્ય આરોપી બનાવવામાં આવ્યા છે. આ કૌભાંડમાં તેના પર કરોડો રૃપિયાની ઉચાપતનો આરોપ છે. સ્ટેટ સ્કિલ ડેવલપમેન્ટની સ્થાપના વર્ષ ૨૦૧૬માં ટીડીપીસરકારના કાર્યકાળ દરમિયાન કરવામાં આવી હતી. જેનો ઉદ્દેશ્ય બેરોજગાર યુવાનોને તેમની રોજગાર ક્ષમતા વધારવા માટે કૌશલ્ય પ્રશિક્ષણ આપીને સશક્ત બનાવવાનો હતો. નાયડૂની ધરપકડ ત્યારે કરવામાં આવી હતી જ્યારે તેઓ એક કાર્યક્રમના કેમ્પમાં આરામ કરી રહ્યા હતા.

### ચીનના એજન્ટોએ ભારતને ફસાવવા નિજ્જરની હત્યા કરાવી



। વોશિંગ્ટન, તા.૯ ।

એક સ્વતંત્ર બ્લોગર જેનિફર જેંગે મોટો આરોપ મૂકતાં કહ્યું છે કે ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ચીની કમ્યુનિસ્ટ પાર્ટીના એજન્ટ સામેલ હતા. આ હત્યા બાદ ચીનનો ઉદ્દેશ્ય ભારત અને પશ્ચિમી દેશો વચ્ચે વિવાદની સ્થિતિ સર્જીને ભારતને ફસાવવાનો હતો. જેનિફર જેંગ એક ચીની મૂળની એક્ટિવિસ્ટ અને માનવાધિકાર કાર્યકર છે જે પત્રકાર પણ છે અને હાલમાં અમેરિકામાં રહે છે. સોશિયલ મીડિયા પર એક વીડિયોમાં જેંગએ નિજ્જરની મોતને હત્યા ગણાવતાં કહ્યું કે આજે કેનેડામાં શીખ ધાર્મિક નેતા હરદીપ સિંહ નિજ્જરની હત્યા વિશે ચોંકાવનારા ખુલાસા ચીની કમ્યુનિસ્ટ પાર્ટીમાંથી સામે આવ્યા છે. આ આરોપ લાગ્યો છે કે હત્યા સીસીપીના એજન્ટો દ્વારા જ કરાઈ હતી. ૧૮ જૂન ૨૦૨૩ના રોજ ભારતમાં આતંકી જાહેર હરદીપ સિંહ નિજ્જરની બ્રિટિશ કોલંબિયાના સરેમાં ગુરુનાનક શીખ ગુરુદ્વારાના પાર્કિંગમાં ગોળી મારી હત્યા કરી દેવામાં આવી હતી.

### ધારાસભ્ય પી.સી.બરંડાના ઘરમાં લૂંટના ત્રણ આરોપી ૨૩ દિવસે ઝડપાયા

। અરવલ્લી, તા.૯ ।

ભીલોડાના તાલુકાના ભાજપના ધારાસભ્ય પી.સી.બરંડાના ઘરમાં તેમની પત્નીને બંધક બનાવીને લૂંટારૂઓ લૂંટ કરીને ફરાર થઈ ગયા હતાં. ધારાસભ્યના ઘરમાંથી ૧૫ તોલા સોનું અને રોકડ મળીને ૧૬ લાખની મતા લૂંટાઈ હતી. આ કેસમાં પોલીસે તપાસ તેજ કરતાં ૨૩ દિવસ બાદ સફળતા મળી છે. પોલીસે લૂંટ કરનારા ત્રણ આરોપીઓની ધરપકડ કરીને વધુ પુછપરછ હાથ ધરી છેઆ ગુનામાં ધારાસભ્યના ઘરમાં કામ કરતાં નોકરની પણ સંડોવણી હોવાનું ખુલ્યું છે. અરવલ્લી જિલ્લાના એસપી શેફાલી બરવાલે મીડિયાને કહ્યું હતું કે, ધારાસભ્ય પી.સી.બરંડાના ઘરમાં લૂંટની ઘટનામાં ઘણા દિવસોથી એલસીબી દ્વારા તપાસ ચાલુ હતી. આ દરમિયાન બાતમીને આધારે વીરપુર બોર્ડર પરથી લૂંટનો માલ વેચવા માટે આવી રહેલા બે લોકોને પકડી પાડવામાં આવ્યાં છે. જેમાં રાજુ વેલજી અને કાંતિલાલની પુછપરછ કરતાં તેમણે ધારાસભ્યના ઘરના નોકર નંદુનું નામ આપ્યું હતું. નંદુએ બંનેને બાતમી આપી હતી કે, શેઠના ઘરમાં બહુ પૈસા છે. તમે જાઓ અને લૂંટમાંથી થોડી રકમ મને પણ આપી દેજો.

### વન-ડે વર્લ્ડ કપ-૨૦૨૩માં ભારતની વિજયી શરૂઆત

## ભારતનો સતત ચોથા વર્લ્ડ કપની પ્રથમ મેચમાં વિજય

। નવી દિલ્હી, તા.૯ ।


ભારતીય ટીમે તેના વન-ડેવર્લ્ડ કપ૨૦૨૩ના અભિયાનની શરૂઆત જીત સાથે કરી હતી. ગઈકાલે ઓસ્ટ્રેલિયા સામે રમાયેલી મેચમાં ભારતે ૬ વિકેટથી જીત મેળવી હતી. ભારતીય ક્રિકેટ ટીમે સતત ચોથી વખત વન-ડેવર્લ્ડ કપમાં પ્રથમ મેચ જીતી હતી. ભારતે વર્લ્ડ કપ૨૦૦૩ની પ્રથમ મેચમાં નેધરલેન્ડ્સને હરાવ્યું હતું. જો કે વર્લ્ડ કપ૨૦૦૭માં ભારતીય ટીમને પ્રથમ મેચમાં બાંગ્લાદેશ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ તે પછી ભારતે વન-ડેવર્લ્ડ કપ ૨૦૧૧, ૨૦૧૫ અને ૨૦૧૯માં સતત પ્રથમ મેચ જીતી હતી. આ ઉપરાંત ગઈકાલે રમાયેલી મેચમાં ઘણાં બીજા રેકોર્ડ પણ બન્યા હતા. ઓસ્ટ્રેલિયાએ વન-ડે વર્લ્ડ કપ ૨૦૦૩, ૨૦૦૭, ૨૦૧૧, ૨૦૧૫ અને ૨૦૧૯માં અનુક્રમે પાકિસ્તાન, સ્કોટલેન્ડ, ઝિમ્બાબ્વે, ઈંગ્લેન્ડ અને અફઘાનિસ્તાનને હરાવ્યા હતા. આ પ્રથમ વખત હતું જ્યારે ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમને તેની પહેલી મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો. ભારત સામે મળેલી હારથી ઓસ્ટ્રેલિયન ટીમની વન-ડે વર્લ્ડ કપમાં પ્રથમ મેચમાં જીતનો સિલસિલો તૂટી ગયો હતો. ભારતીય ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ પોતાના નામે એક ખાસ રેકોર્ડ કર્યો હતો. વિરાટ કોહલી વનડે ફોર્મેટમાં ૧૧૩ વખત ૫૦ રનનો આંકડો પાર કરનાર પ્રથમ નોન-ઓપનર બની ગયો છે. જ્યારે આ લિસ્ટમાં કુમાર સંગાકારા બીજા નંબરે છે. ઓસ્ટ્રેલિયન પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગ અને દક્ષિણ આફ્રિકાના પૂર્વ દિગ્ગજ ખેલાડી જેક કાલિસ ત્રીજા અને ચોથા નંબર પર છે.

## ઓસ્ટ્રેલિયા સામે ટોપ ઓર્ડર ધ્વસ્ત થતાં ગિલની તબિયતને લઈને ચિંતા

### શુભમનની ગેરહાજરીમાં ભારતનો ટોપ ઓર્ડરનો ધબડકો થયો હતો, શરૂઆતની ત્રણ વિકેટો ધડાધડ પડી ગઇ હતી

। નવી દિલ્હી, તા.૯ ।

ભારતીય ટીમ પોતાના મિશન વર્લ્ડ કપ ૨૦૨૩ની શરુઆતમાં ૮ ઓક્ટોબર ૨૦૨૩એ ઓસ્ટ્રેલિયા સામે જીતી ગયું હતું. ઓપનર શુભમન ગિલની બિમારીને લઈને મોટા સમાચાર સામે આવ્યા હતા, જેમાં ગિલ ડેન્ગ્યુથી ગ્રસિત હોવાનો ખુલાસો કરવામાં આવ્યો હતો, જેના કારણે તે હવે ઓસ્ટ્રેલિયા સામે નથી રમી શકયો. શુભમનની ગેરહાજરીમાં ભારતનો ટોપ ઓર્ડરનો ધબડકો થયો હતો. શરૂઆતની ત્રણ વિકેટો ધડાધડ પડી ગઈ હતી જેનાં કારણે ટીમ મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી. એવામાં ખબર આવી રહી છે કે ગિલની માંદગીને લઈને ૮ ઓક્ટોબર રવિવારે ચેન્નાઈમાં યોજાનાર ભારત vs. ઓસ્ટ્રેલિયાની



મુકાબલામાં ઓપનિંગમાં કેપ્ટન રોહિત શર્માની સાથે કીપર અને બેટર ઈશાન કિશન ઓપનિંગમાં ઉતર્યો હતો. ગિલના સાજા થવા સુધી તે હાલ મેદાનથી દૂર જ રહેશે. ઈશાન કિશનને મોટાભાગે જરૂરિયાતના સમયે મિડલ ઓર્ડરમાં ખાલી જગ્યા ભરવા માટે મેદાનમાં ઉતારવામાં આવે છે, ત્યારે તેને હવે ઓપનિંગમાં રમવાનો મોકો આપવામાં આવ્યો છે. જો કે આ પસંદગી તેના પર સારા પરફોર્મન્સ માટે ચોક્કસ પ્રેશર આપશે કેમ કે આ જ મેચથી ભારત વર્લ્ડ કપ ૨૦૨૩ માટે પોતાની શાનદાર શરૂઆત કરવા માંગશે. ટીમ ઈન્ડિયા જ્યારે તેના પ્રથમ CWC વોર્મ-અપ માટે ગુવાહાટી પહોંચી ત્યારે ગિલને ડેન્ગ્યુ જેવા લક્ષણો દેખાતા હોવાથી તેનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જે બાદ ગુરુવારે ગિલને વધુ ટેસ્ટ માટે ચેન્નાઈમાં લઈ જવાયો જ્યાં તેન ડેન્ગ્યુ હોવાનો ખુલાસો કરવામાં આવ્યો હતો. ડોકટર્સની ટીમનુ કહેવું છે કે તાવને લઈ ખૂબ સાવચેતી રાખવામાં આવી રહી છે, તેથી ગિલને હાલ કોઈ ગંભીર અશક્તિ કે નબળાઈ નથી. ટીમના એક અધિકારીએ શુક્રવારે ક્રિકબઝને જણાવ્યું કે, "ગિલની તબિયત સારી નથી અને તેની સારી રીતે સારવાર કરવામાં આવી રહી છે.

### શુભમન ગિલ અફઘાનિસ્તાન સામેની મેચ નહીં રમી શકે

। નવી દિલ્હી, તા.૯ ।

ભારતે ઓસ્ટ્રેલિયા સામે ગઈકાલે રમાયેલી મેચમાં ઓસ્ટ્રેલિયાને ૬ વિકેટથી હરાવ્યું હતું. પરંતુ ભારતીય ક્રિકેટ ટીમ માટે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ની શરૂઆતથી જ મુશ્કેલીઓ ઓછી થવાનું નામ લઇ રહી નથી. ટીમના સ્ટાર ઓપનર શુભમન ગિલ ડેન્ગ્યૂના કારણે ઓસ્ટ્રેલિયા સામે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની પ્રથમ મેચ રમી શક્યો ન હતો. હવે સમાચાર આવી રહ્યા છે કે ગિલ દિલ્હીમાં અફઘાનિસ્તાન સામે રમાનાર મેચમાં પણ ભાગ લઈ શકશે નહીં.શુભમન ગિલને લઈને બીસીસીઆઈ દ્વારા જારી કરવામાં આવેલા મેડિકલ અપડેટમાં જણાવવામાં આવ્યું છે કે તે અફઘાનિસ્તાન સામે રમાનાર વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની બીજી મેચમાં પણ ભારતીય ટીમમાં સામેલ થઇ શકશે નહીં. તે ચેન્નઈમાં રહીને પોતાની સારવાર કરાવશે.



ઈંગ્લેન્ડના લેખાડીઓ ધર્મશાળામાં એચપીસીએ સ્ટેડિયમ ખાતે બાંગ્લાદેશ સામેની વર્લ્ડ કપ મેચ પહેલા પ્રેક્ટિસ કરી હતી.

### ઈઝરાયેલ-હમાસના યુધ્ધમાં વિશ્વના નાગરિકો ફસાયા

## રાજ્યસભાના સાંસદ સહિત ૨૭ ભારતીય ઈઝરાયેલમાં ફસાયા

### તમામ ૨૭ નાગરિકો સુરક્ષિત હોવાની જાણકારી મળી છે, ૨૭ નાગરિકોએ બોર્ડર ક્રોસ પણ કરી લીધી

। મેઘાલય, તા.૯ ।

ઈઝરાયેલ અને હમાસના યુદ્ધમાં અન્ય દેશોના લોકો ફસાયા છે. બોલીવુડ અભિનેત્રીનુસરત ભરુચા પણ ઈઝરાયેલમાં ફસાઈ હતી. જોકે તે રવિવારે સુરક્ષીત રીતે ભારત પાછી ફરી હતી. હજી ભારતના ૨૭ નાગરિકો ઈઝરાયેલમાં ફસાયા છે જેમાં રાજ્યસભાના એક સાંસદ પણ છે તેવી જાણકારી મળી છે. આ તમામ લોકો મેઘાલયના હોવાનું કહેવાઈ રહ્યું છે. ત્યારે ઈઝરાયેલમાં ફસાયેલા આ ૨૭ લોકો અંગે એક મોટી અપડેટ આવી રહી છે. પ્રાપ્ત વિગતો અનુસાર મેઘાલયના ૨૭ લોકો ઈઝરાયેલમાં ફસાયા હોવાની જાણકારી મળી રહી છે. મેઘાલયના મુખ્ય પ્રધાન કોનરાડ કે. સંગમાએ મીડિયાને આપેલી જાણકારી મુજબ આ તમામ લોકો સુરક્ષીત હોવાનું કહેવાઈ રહ્યું છે. ૬ ઓક્ટોબરના રોજ પેલેસ્ટીની આતંકવાદી સંગઠન હમાસે ઈઝરાયેલ પર ૫૦૦૦ વધુ મિસાઈલ ચોડી હતી.

### એએમયુના છાત્રો પેલેસ્ટાઈનના સમર્થનમાં

## અલિગઢ મુસ્લિમ યુનિ. માં પેલેસ્ટાઇનના સમર્થનમાં છાત્રો દ્વારા સૂત્રોચ્ચાર કરાયા

। અલિગઢ, તા.૯ ।

ઉત્તર પ્રદેશની અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી માં ગઈ કાલે પેલેસ્ટાઈનના સમર્થનમાં સેંકડો વિદ્યાર્થીઓએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન વિદ્યાર્થીઓએ સૂત્રોચ્ચાર પણ કર્યા હતા. આ દરમિયાન વિદ્યાર્થીઓએ 'વી સ્ટેન્ડ પેલેસ્ટાઈન' અને 'એએમયુસ્ટેન્ડ વીથ પેલેસ્ટાઈન' જેવા પોસ્ટરો અને બેનરોને હાથમાં લઈને પ્રદર્શન કર્યું હતું.

ઈઝરાયલ અને પેલેસ્ટાઈન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ બાદ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈઝરાયલનું સમર્થન કર્યું છે પરંતુ બીજી તરફ અલીગઢના એએમયુમાં



વિદ્યાર્થીઓ દ્વારા પેલેસ્ટાઈનના સમર્થનમાં પ્રદર્શન કરવામાં આવ્યુ હતું. આ દરમિયાન વિદ્યાર્થીઓએ સૂત્રોચ્ચાર કર્યા હતા.

મીડિયા સાથે વાતચીત કરતા પ્રદર્શનકારી વિદ્યાર્થીઓએ કહ્યું કે, જે રીતે ઈઝરાયલ દ્વારા પેલેસ્ટાઈન પર અત્યાચાર કરવામાં આવી રહ્યો છે તે યોગ્ય નથી. તેમણે કહ્યું કે, જ્યારે યુક્રેન પર હુમલો કરવામાં આવ્યો તો દેશ અને દુનિયા યુક્રેનના સમર્થનમાં આવી જાય છે પરંતુ હવે પેલેસ્ટાઈન હાલમાં સંકટમાં છે તો કોઈ પણ રાજનેતા કે અન્ય સમાજના ઢંઢેરો પીટનારા લોકો મૌન ધારણ કરીને બેઠા છે.

આ વિદ્યાર્થીઓએ કહ્યું કે, આજે પેલેસ્ટાઈન સંકટમાં છે પરંતુ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી અને એએમયુના તમામ વિદ્યાર્થીઓ પેલેસ્ટાઈન સાથે ઉભા છે અને તેમના માટે દુઆ કરી રહ્યા છે. પેલેસ્ટાઈનના લોકો આઝાદીની માંગ કરી રહ્યા છે પરંતુ તેમનેઆઝાદી આપવામાં નથી આવી રહી.

### દેશમાં વિદ્યાર્થીઓની આત્મહત્યા રોકવા પ્રયાસ

## વિદ્યાર્થીઓની આત્મહત્યા નિવારવા સરકારની નવી ગાઈડલાઈન ઉમ્મીદ

### આ નવી ગાઈડલાઈન્સ મુજબ હવે તમામ સ્કૂલમાં સુસાઇડ પ્રિવેન્શન માટે પ્લાન ઓફ એક્શન તૈયાર કરવાનું રહેશે

। નવી દિલ્હી, તા.૯ ।

ભારતમાં એક સરકારી ડેટા મુજબ વર્ષ ૨૦૨૧માં લગભગ ૧૩ હજાર વિધાર્થીઓ દ્વારા આત્મહત્યા કરવામાં આવી હતી. જયારે ૨૦૨૦-૨૧માં ૪.૫ ટકા ઓછી આત્મહત્યા થઈ હતી. ડબલ્યુએચઓમુજબ ભારતમાં દર વર્ષે લગભગ ૭ લાખ લોકો આત્મહત્યા કરે છે, જેમાં ૧૫-૨૯ વર્ષમાં



કરવામાં આવતી આત્મહત્યા ખુબ ગંભીર સમસ્યા છે.

જેથી કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર આવા આત્મહત્યાના કિસ્સા રોકવા માટે ઘણા પ્રયાસો કરે છે. જેમાં શિક્ષકોને વિદ્યાર્થીઓ પર ઓછો દબાવ કરવા માટે પણ કહેવામાં આવે છે. પરંતુ હવે આ સમસ્યાને નિવારવા માટે સરકાર એક ગાઈડલાઈન લઈને આવી છે, જેનું નામ ઉમ્મીદ છે. આ નવી ગાઈડલાઈન્સ મુજબ હવે સ્કૂલમાં સુસાઈડ પ્રિવેન્શન માટે પ્લાન ઓફ એક્શન તૈયાર કરવાનું રહેશે. જેને ધ્યાનમાં લઈને સ્કુલમાં એક વેલનેસ ટીમને સેટઅપ કરવામાં આવશે.

## કેનેડામાં કામ શોધવામાં ભારતીય વિદ્યાર્થીઓને મુશ્કેલી પડી રહી છે

। નવી દિલ્હી, તા.૯ ।

કેનેડાને લઈને ભારતીય સ્ટુડન્ટ્સની ચિંતાઓ સતત વધતી જાય છે. એક તરફ ભારત અને કેનેડા વચ્ચે ડિપ્લોમેટિક તણાવ ચાલે છે, બીજી તરફ ભારતીય વિદ્યાર્થીઓ માટે કેનેડામાં જોબની પણ અછત છે. તેના કારણે કેનેડામાં સેટલ થવાના ઈરાદાથી ત્યાંની કોલેજોમાં એડમિશન લેવું કે નહીં તે વિશે વિદ્યાર્થીઓમાં ગૂંચવણ છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટૂડોએ ભારતીય એજન્ટો પર કેનેડામાં ખાલિસ્તાન તરફી ઉગ્રવાદીની હત્યા કરવાનો આરોપ લાગ્યો ત્યારથી બંને દેશો વચ્ચે તણાવ પેદા થયો છે. આ ઉપરાંત કેનેડામાં જોબની તક પણ બહુ લિમિટેડ હોય તેવું ભારતીય વિદ્યાર્થીઓને લાગે છે. વર્ષ ૨૦૨૨માં કુલ ૨.૨૬ લાખ ભારતીય વિદ્યાર્થીઓ ભણવા માટે કેનેડા આવ્યા હતા. તેના કારણે કેનેડિયન એજ્યુકેશન સંસ્થાઓમાં ભારતીય સ્ટુડન્ટની ટકાવારી ઘણી ઉંચી છે.



ગ્લોબલ એજ્યુકેશન રિસર્ચ કંપનીના ડેટા મુજબ કેનેડામાં તમામ એજ્યુકેશન લેવલ પર ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની સંખ્યા ૮.૦૭ લાખ હતી. જેમાં હાયર એજ્યુકેશન માટે આવેલા વિદ્યાર્થીઓ પણ સામેલ છે. તેમાંથી ૫.૫૧ લાખ સ્ટુડન્ટ્સને ગયા વર્ષે કેનેડાની સ્ટડી પરમિટ મળી હતી. રિસર્ચ કંપનીનો દાવો છે કે ૨૦૨૨માં કેનેડામાં ભારતીયો પાસે સૌથી વધુ સ્ટડી પરમિટ હતી. ભારતના લગભગ ૨.૨૬ લાખ સ્ટુડન્ટ સ્ટડી પરમિટ ધરાવતા હતા. હરવિંદર સિંહ નામના એક વિદ્યાર્થીએ કહ્યું કે ભારત અને કેનેડા વચ્ચેના ડિપ્લોમેટિક વિવાદને હું ગંભીરતાથી નથી લેતો. મને મારા ભવિષ્યની ચિંતા છે. અહીં અત્યારે નોકરીઓની અને રોજગારીની તકની ભારે અછત છે. મને એ ચિંતા છે કે હું અહીં અભ્યાસ પૂરો કરીશ પછી મને કામ મળી શકશે કે નહીં. ગ્રેટર ટોરોન્ટો નજીકની કોલેજોમાં ભણતા બીજા કેટલાક ભારતીય વિદ્યાર્થીઓએ પણ આવી જ ચિંતા વ્યક્ત કરી હતી.

## તંત્રી લેખ...

# વિકાસ વિજય ભવ

વિશ્ર્વની સૌથી મોટી લોકશાહીનું માન ધરાવતાં ભારતની લોકશાહીને ૧૫મી ઓગષ્ટ, ૨૦૨૧ના રોજ ૭૫ વર્ષની મઝલ કાપ્યાની સિમાંચિહ્નરૂપ સિધ્ધી મળી રહી છે ત્યારે આધુનિક વિશ્ર્વ માટે ભારતનું લોકતંત્ર એક આદર્શ વ્યવસ્થા તંત્ર તરીકે પ્રેરણામૂર્તિ બની રહી છે. તંદુરસ્ત લોકશાહી માટે ચુંટણી વ્યવસ્થા અને નિષ્ઠાવાન રાજકીય પક્ષોની સક્રિય ભૂમિકાની જેમ જ રાષ્ટ્રવાદ અને રાજનૈતિક અભિગમ ખૂબ જ મહત્વના પરિમાણ બની રહે છે. લોકતંત્રમાં મતની ખેવના રાખી રાજકારણ ખેલનારાઓની કારર્કિદી અલ્પજીવી ગણાય છે પરંતુ લોકોની સાચી જરૂરીયાત રાષ્ટ્રસેવા અને ચોક્કસ અભિગમથી રાષ્ટ્રસેવા કરનારને લોકો અને લોકતંત્ર સારી રીતે અપનાવે છે. દેશના લોકતાંત્રિક રાજદ્વારી ઈતિહાસમાં અનેક મુદ્દાઓથી ચુંટણી લડવાની એક આગવી પરંપરા રહી છે પરંતુ નરેન્દ્ર મોદીના રાજકીય પદાપર્ણના પગલે ગુજરાતમાંથી શરૂ થયેલી ‘વિકાસ’ની રાજનીતી ખૂબ જ ટૂંકાગાળામાં સર્વગ્રાહી સમર્થનનો પર્યાય બની ગઇ. અત્યાર સુધીના જાહેર જીવનમાં વોટબેંકની રાજનીતી, પ્રદેશવાદ જેવા પોલીટીકલ શોર્ટકટથી પ્રજાને આંજી દઇ સત્તા પ્રાપ્તિના કધસેપ્ટને નરેન્દ્ર મોદીની વિકાસની રાજનીતીએ આઉટ ઓફ ડેટ બનાવી દીધી. ગુજરાતથી શરૂ થયેલી વિકાસની રાજનીતીએ ભાજપને તો દરેક વર્ગના સમર્થકો આપ્યા પરંતુ સાથેસાથે રાષ્ટ્રના રાજકારણમાં, વહીવટીતંત્રમાં અને સમગ્ર અર્થવ્યવસ્થાને વિકાસનું મહત્વ સમજાયું છે. વિકાસ એક એવો વિષય છે કે જે ક્યારેય જૂનો અને અસ્વિકાર્ય બન્યો નથી. દેશના રાજકારણમાં ગુજરાત વિકાસનું મોડેલ બન્યું અને ગાંધીનગરથી નવી દિલ્હી સુધીનો મોદીનો પંથ આસાન બન્યો અને સમગ્ર દેશના મતદારોએ નાત-જાત, પ્રદેશવાદ, સાંપ્રદાયીકતા અને પક્ષના રાજકારણને તીલાંજલી આપી માત્રને માત્ર વિકાસને વરેલા નેતા તરીકે નરેન્દ્ર મોદીનું સ્વિકાર કર્યો, ગુજરાતમાંથી ઉભી થયેલી વિકાસની આ હવા સમગ્ર દેશમાં તો પ્રસરી વિકાસના અભિગમની વિશ્ર્વએ પણ નોંધ લીધી. વિકાસનો ઉદ્‌ગમ સ્થાન ગુજરાત હતું અત્યારે ગુજરાતની વિજયભાઇ રૂપાણી સરકારે વિકાસની પાંખે પાંચ વર્ષ પૂરા કર્યા છે. અને સતત વિકાસની રફતારને આગળ વધારવા પ્રયત્નશીલ છે. ગુજરાતમાં વિજયભાઇના સુશાસનના પાંચ વર્ષની ઉજવણીના હાર્દમાં રહેલાં વિકાસનો જ ખરો વિજય થયો ગણાય. દુનિયાની, સમાજની અને રાજકારણની બદલતી જતી પરિભાષામાં હવે ટૂંકાગાળાના સ્વાર્થ, રાજકીય પ્રલોભનો અને આંબા, આંબલી બતાવી મતદારોને ભ્રમિત કરવાનો સમય પૂરો થયો છે અને દરેકને વિકાસની જરૂરીયાત છે. તેની પ્રતિતિ દેશ નહીં પણ દુનિયા આખીને ગુજરાતના વિકાસલક્ષી રાજકારણે કરાવ્યું છે. વિકાસનું ઉદ્‌ગભ ભલે એક સારા સંકલ્પથી થતો હોય પરંતુ તેનું આયુષ્ય ચિરકાલીન અને હંમેશા કલ્યાણકારી બની રહે છે. આધુનિક ટેકનોલોજી અને ડીજીટલ ક્રાંતિના યુગમાં આગળ વધી રહેલા સાંપ્રત, સમાજ અને દેશ-દુનિયાના દ્રષ્ટિકોણથી લઇ અભિગમ અને સપનાંના વાવેતરના કેન્દ્રબિંદુમાં વિકાસની દિઘર્દ્રષ્ટિ ઉજાગર થઇ ચુકી છે. વિકાસનું રાજકારણ દરેક માટે પોતીંકુ બની જાય છે. વિકાસનો અભિગમ સહકારની ભાવના જન્માવે છે અને વિભાજનના પડકારોને તીલાજલી અપાવે છે. વિકાસ એ સફળતાનો પ્રયાર્ય છે.

## વાળના જતન માટે સાવધાની જરૂરી

વાળ ખરી પડવાની પ્રક્રિયાથી દુનિયાના મોટા ભાગના પુરૂષો પરેશાન થયેલા છે. જંગી રકમ પણ વાળ ન ખરી પડે અથવા તો વાળ ખરી પડ્યા બાદ વાળ માટે કરે છે.પુરૂષોમાં વાળ ખરી પડવાની બાબત વધારે જોવા મળે છે. સારવાર માટે લોકો હેર ટ્રાન્સપ્લાન્ટની પ્રક્રિયાને અપનાવે છે. પરંતુ આની સાથે જોડાયેલી સાવચેતી તેમની પાસે નહી હોવાના કારણે આવા લોકોને કેટલીક સમસ્યાનો સામનો કરવો પડે છે. હાલમાં જ આવા કેટલાક મામલા સપાટી પર આવી ચુક્યા છે. આ પ્રક્રિયા દરમિયાન એક વ્યક્તિનુ તો મોત પણ થઇ ગયુ હતુ. હેર ટ્રાન્સપ્લાન્ટ અને તેની સાથે જોડાયેલી સાવધાન પર અમે આજે વાત કરી રહ્યા છીએ. વાળના સ્વાસ્થ માટે વિટામિન, બાયોટિન અને મિનરલ યુક્ત ભોજન ઉપયોગી સાબિત થાય છે. બાદામ, મગફળી પણ ઉપયોગી સાબિત થાય છે. વધારે પડતા ટેન્શન, સતત કેંમિકલયુક્ત પેદાશોના ઉપયોગ અને વારંવાર શેમ્પુ અને અન્ય પેદાશોના બદલવાના કારણે આ તકલીફ થાય છે. હાર્મોનલ ફેરફાર પણ અસર કરે છે. સમય કરતા પહેલા અથવા તો ચોક્કસ વય બાદ હાર્મોનમાં ફેરફાર થાય છે. મહિલાઓમાં તાઇરોઇડ હાર્મોન, લોહીની કમી અને પીસીઓડીની સમસ્યાથી વાળ ખરી પડે છે. પુરૂષોમં જોવા મળનાર ટેસ્ટોસ્ટેરોન હાર્મોન ડિહાઇડ્રોસ્ટોસ્ટેરોનમાં ફેરવાઇ જાય છે ત્યારે માથાના આગળના વાળ ખરી પડે છે. બે ટેકનિક મારફતે હેર ટ્રાન્સપ્લાન્ટની વિધી કરવામાં આવી છે. ફોલિક્યુલર યુનિટ ટ્રાન્સપ્લાન્ટેશનની એક પ્રક્રિયા છે. જેમાં માથાના પાછળના હિસ્સાથી બે સેન્ટીમીટર પહોળા કદમાં ચામડી કાઢી લેવામાં આવે છે. ત્યારબાદ તેંમાંથી વાળને અલગ કરીને માથાના આગળના હિસ્સા પર મેડિકેટેડ સોઇ મારફતે વાળ ઇમ્પ્લાન્ટ કરવામાં આવે છે. એ ગાળા દરમિયાન જે જગ્યાએ ચામડી લેવામાં આવે છે ત્યાં ટાંકા લગાવી દેવામા આવે છે. ત્યારબાદ નિશાન દેખાતા નથી. અન્ય એક ટેકનિક ફોલિક્યુલર યુનિટ એક્સટ્રેક્શન છે. જેના ભાગરૂપે એક ખાસ પ્રકારની મશીનથી માથાના પાછળના હિસ્સાથી એક એક વાળ કાઢીને માથાના આગળના હિસ્સામાં ઇમ્પ્લાન્ટ કરવામાં આવે છે. સર્જરી કરવામાં આવ્યા બાદ આગામી ૭થી ૧૦ દિવસ સુધી વાળને સ્પર્શ કરી શકાય નહી. આ ગાળા દરમિયાન બે ત્રણ દિવસ માટે પ્રભાવી જગ્યાએ પટ્ટી કરવામાં આવે છે. સાથે સાથે હેલમેટ અને ટોપી ન પહેરવા માટે કહેવામાં આવે છે. દર્દીને ચાર પાંચ દિવસ સુધી એન્ટીબાયોટિક અને પેઇન કિલર આપવામાં આવે છે. જેથી પીડા થતી નથી. આનાથી ઇન્ફેક્શનની શક્યતા ઘટી જાય છે. સમયમાં ભાગદોડ ભરેલી લાઇફસ્ટાઇલ, સ્ટ્રેસ, હાર્મોનને લઇને અસમતુલા અને અયોગ્ય સારસંભાળના પરિણામ સ્વરૂપે ઘણીબધી સમસ્યાઓની સાથે સાથે માથાના વાળ ખરવાની પ્રક્રિયા શરૂ થઇ જાય છે. માથામાં વાળ ખરી પડવાની સમસ્યા એટલી જટિલ બની છે કે હેરફોલને રોકવા માટે જે કંપનીઓ મેદાનમાં છે અને આની સારવાર માટેનો દાવો કરે છે તે કંપનીઓ અભૂતપૂર્વ નાણાં કમાઇ રહી છે. હેરફોલને રોકવા માટે શું કરવામાં આવે તેના માટે કઇ દવા લેવામાં આવે, તેના માટે કયા લોશનનો ઉપયોગ કરવામાં આવે તેને લઇને તમામને પ્રશ્ન સતાવી રહે છે. આવા સમયમાં આની સાથે જોડાયેલી કેટલીક કંપનીઓ અને નિષ્ણાંત લોકોનું કહેવુ છે કે હેરફોલને રોકવાની બાબત કોઇ સરળ પ્રક્રિયા નથી.

# હનુમાન ચાલીસામાં કહ્યું છે કે, બલ બુદ્ધિ બિધા દેહુ મોહિં, હરહુ કલેશ વિકાર, એટલે વિદ્યા જ ક્લેશનું હરણ કરનાર છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. એક પછી એક તહેવારોની ઋતુ ચાલી રહી છે અને દરેક એને પોતાની પરિસ્થિતિ મુજબ માણી રહ્યા છે. દરેક ક્રિયા રસ આપતી નથી,જેની અનુભૂતિ આત્મસાત થાય એટલે આત્મા સુધી સ્પર્શે એ જ રસ દાયક હોય છે, સુખ દાયક શાંતિ દાયક અને પછી આનંદ દાયક એમ એની વૃદ્ધિ બુદ્ધ પુરુષો એ બતાવી છે. પણ ગમો અણગમો એ બંધુ રસ ઉપરથી નક્કી થાય, અને રસ વગરનું એકધારું જીવન જીવવું અઘરું પડે. તેથી જીવનમાં રસ આવે એવા પ્રયત્નો કરવા લોકો, અહીં થી તહીં દોડાદોડી કરતા હોય છે. રસ રાગ એ આપણા સંસારી ઓને આ સંસારમાં જોડી રાખતું પરિબળ છે.જે કોઈ રસ રાગ ને અતિક્રમે તે સંન્યાસી.બસ સંન્યાસી થવા માટે આટલું જ કરવાનું છે.નથી ભગવા પહેરવાની જરૂર, કે નથી પરિવાર છોડવાની જરૂર, કે નથી ખાવા પીવાનું છોડવાનું, અને નથી આખો આખો દિવસ ધ્યાન કે પૂજા પાઠ કરવાની જરૂર. પરતુ એ કહેવા જેટલું સરળ નથી,લોકોના જીવન પૂરા થાય, પણ આ ભાવ માંથી મુક્તિ મળતી નથી. સ્થૂળ સૂક્ષ્મ અને કારણ શરીરનાં રસ ને જરા જોઈએ.

સ્થૂળ શરીર સ્વાદિષ્ટ રસ મેળવવા ઝંખે. જેમ કે રસ શબ્દ આવે એટલે આપણને ફળ દેખાય, કે કોઈપણ પ્રકારના ફળ કે શાકભાજીનો રસ,કે જે તે વ્યક્તિ પીવે તેને તૃપ્તિનો અનુભવ થાય. પીનારને ભાવતું હોય તો વારેવારે લેવાનું મન થાય. સમાજ શારીરિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત થઈ ગયો છે, અને ડોક્ટરની સૂચના મુજબ ફળ, શાકભાજીના રસ, દવા રૂપે પણ ગ્રહણ કરીને શરીરને સ્વસ્થ બનાવતા હોય છે. આ સારી વાત છે,પણ સાથે સાથે માનસિક રોગનું પણ નિવારણ કરવું બહુ જરૂરી છે. તો માનસિક રોગના નિવારણ માટે કયા પ્રકારના રસનું સેવન કરવું જોઈએ? મન સ્વસ્થ તો શરીર સ્વસ્થ! ખાવા-પીવાની વૃત્તિમાં જે રસ ધરાવે છે તે વ્યક્તિને ભોગ ઇત્યાદિ સાધન પ્રાપ્ત થતા રહે, તેવી તેની એક અદમ્ય ઈચ્છા રહે છે, તેને આપણે રાગ કહેતા હોઈએ છીએ.બહુ જ સ્વાભાવિક છે કે થાળીમાં પીરસાયેલી વાનગીઓ આપણી ભાવતી હોય, તો આપણને ભોજનમાં રસ આવે. પરંતુ જેમને ન ભાવતી હોય તેને તેટલો રસ ના આવે! દાખલા તરીકે ભોજનમાં કારેલાનું શાક છે, તો દરેક લોકો કારેલા પસંદ કરતા નથી. પરંતુ જેને તે ભાવે છે, તે કારેલા કડવા હોવા છતાં તેમાંથી રસ પ્રાપ્ત કરે છે.જીવનનું પણ આવું જ છે, દરેક પરિસ્થિતિ આપણી ઈચ્છા મુજબની હોતી નથી, અને તેથી જ આપણે જીવનમાં જોઈએ તે પ્રમાણમાં રસ લઈ શકતા નથી, અને આ વાતનો અસંતોષ આપણા માનસમાં વિકાર પેદા કરે છે. સંજોગો કોઈના એકસરખા રહેતા નથી.

મુકેશ અંબાણીને પણ જીવનમાં પ્રશ્ન હોય, અને નાનામાં નાનો માણસ એટલે કે રોજે રોજ કમાઈને જીવતા શ્રમજીવીના જીવનમાં પણ પ્રશ્નો હોય, એ સત્ય સ્વીકારીને જો જીવવામાં આવે તો જીવનને અનુકૂળ બનાવી શકાય. કોઈપણ વસ્તુ પદાર્થ પ્રત્યે વધુ પડતો રાગ રાખવાથી ઘણા બધા વિકારો જેમ કે જીદ, અહમ, આગ્રહ, ઈર્ષા નિંદા વગેરે, અને ન મળે તો,મારી કૂટી ને છીનવી લેવું, કે પછી તે મેળવવા માટે કાવાદાવા કરવા, કે અન્ય કોઈ પ્રકારે એટલે કે અનીતિથી તે વસ્તુ પ્રાપ્ત કરવી, આ બધું જ જીવ જાણે અજાણે માત્ર વસ્તુના રાગ ને કારણે કરે છે. તો આ થઈ સ્થૂળ રૂપે રસ અને રાગ શબ્દની વાત. માનસિક પોષણ એટલે કે મનોરંજન દ્વારા પણ રસ મળવો જોઈએ, અને આ રસ પ્રાપ્ત કરવા માટે લોકો જાતજાતના શોખ કેળવે છે. મનોરંજન હોય કે ના હોય જીવન અટકતું નથી,પરંતુ જોઈએ તે પ્રમાણમાં જીવનમાં રસ પણ આવતો નથી, પણ હોય તો જીવન રંગીન આને ભર્યું ભર્યું લાગે છે, તેથી તેને વિદ્યા કે કલાનું નામ આપવામાં આવ્યું છે. ચિત્રકલા, સંગીત કલા, નૃત્યકલા, લેખનકલા,શિલ્પકલા, ભરત ગુંથણની કલા,કે કોઈ પણ પ્રકારની સર્જન કલા કે વિદ્યા, જે તે વ્યક્તિ ના જીવનમાં રસ ઉત્પન્ન કરે છે. ટૂંકમાં કોઈપણ કલા કે વિદ્યાના સહારે મનોરંજન પ્રાપ્ત કરી, અને જીવનને સરળ અને મધુર બનાવી શકાય છે. શારીરિક તંદુરસ્તી પ્રાપ્ત કરી એમ આ રીતે જો માનસિક રીતે પણ તંદુરસ્ત રહેવાનો પ્રયાસ થાય, તો ઘણા બધા મનોવિકારો માંથી મુક્ત થવાય છે. કારણકે પોતાની ઈચ્છા અનુસાર તેને જીવવા મળતું હોવાથી, અન્ય પ્રત્યે ઈર્ષા, નિંદા, ક્રોધ, તેમજ સ્પર્ધા, શ્રેષ્ઠ, વગેરેના ભાવો આવતા નથી, અને તે પોતાના જીવનથી ખુશ અને તેમાં મગ્ન રહી શકે છે. આ વિદ્યા કે કલાનો સામાન્ય લાભ છે, અને આમ સુક્ષ્મ સ્તરે રસ રાગથી જીવન રંગીન બને છે.

શારીરિક અને માનસિક સ્વસ્થતા પ્રાપ્ત થતા, જીવન સરળ એટલે કે સહજ બને છે. પરંતુ જીવન સહજ બનાવવા માટે સમજ આવવી બહુ જ જરૂરી છે, અને તે સમજણ અને જ્ઞાન વગર આવતી નથી. અમુક પ્રકારનું જ્ઞાન ધરાવતા હોય તે તેના જીવનને સરળ અને સહજ બનાવે છે. જીવનને સહજ બનાવવાની સમજ જેનાથી પ્રાપ્ત થાય છે તેને વિદ્યા કહેવામાં આવે છે. સામાન્ય રીતે આપણે ત્યાં શિક્ષણને જ વિદ્યા નામ આપી દેવામાં આવ્યું છે, પરંતુ તે તેનો એક ભાગ છે. વિદ્યા તો બહુ બહોળો વ્યાપ ધરાવે છે.બહુ નાના હતા એટલે કે પાંચ કે છ વર્ષની આયુમાં મમ્મી-પપ્પાની આંગળી પકડીને જ્યારે હિંદુ સંસ્કૃતિ મુજબના તહેવારોમાં મંદિરે જતા, ત્યારે તેઓ બંને અમુક પ્રકારની ઈશ્વર સાથે વાત કરતા હોય તેવું લાગતું, અને બાળ સહજતાથી પૂછેલું, કે મમ્મી તું ભગવાન ને શું કહે છે! ત્યારે તેણે કહ્યું હતું, કે હું પ્રાર્થના કરું છું, અને તેની શીખવેલી પહેલી પ્રાર્થના, એટલે હે ઈશ્વર બળ બુદ્ધિ અને વિદ્યા આપજે. પછી તો સમજ પ્રમાણે તેમાં ઉત્તરોત્તર પ્રગતિ થઈ, અને આજે તો કોઈ પ્રશ્ન નહીં, કોઈ પ્રાર્થના નહીં,તે જે કરે તે સાચું, આપણે તેની પાસે માંગી ને કે સૂચન કરી તેની ઉલ્જન વધારવી શું કામ!! પોતાની માટે નહીં,નીજી પરિવાર માટે પણ નહીં, સંવેદના કે કરુણા રૂપે વિશ્વ મંગલ ને વસુધૈવ કુટુંબ માટે બસ જે કંઈ સંવાદ થાય તે જ, બાકી અસ્તિત્વનો કુંભ મંગલતાથી છલકાઈ રહ્યો છે, બસ એ જ ભાવના. હનુમાન ચાલીસામાં પણ કહ્યું છે કે બલ બુદ્ધિ બિદ્યા દેહુ મોહિં હરહુ કલેશ વિકાર. એટલે વિદ્યાએ ક્લેશનું હરણ કરનાર છે.

તો અમુક પ્રકારની સમજ આવે તો જ, જીવનમાંથી શારીરિક અને માનસિક રીતે રસ પ્રાપ્ત થાય, અને જીવન સરળ તેમજ સહજ બને. સહજ બને એટલે કે જીવનમાં આવતી દરેક પરિસ્થિતિ માંથી સમાધાન શોધવાનો પ્રયત્ન કરે, રોદણા રડવાથી પરિસ્થિતિનો હલ થતો નથી, એવું સામાન્ય જ્ઞાન પ્રાપ્ત કરી ,અને જીવનને મક્કમતાથી જીવે. આ ઉપરાંત કારણ શરીર માટે ભક્તિ પણ જીવનમાં રસ પ્રદાન કરનાર છે, અને તે રસ તો અનન્ય છે. ઈશ્વરના નામ સ્મરણ કે પૂજા પાઠથી ભક્તિભાવ પૂર્વ જે કોઈ કાર્ય થાય તેનાથી જીવ એક આલ્હાદક રસ પ્રાપ્ત કરે છે, જેને આપણે અનુભૂતિ પણ કહી હતી. અલૌકિક રૂપનો અનુભવ કરાવનાર, આ ભક્તિ જીવનને ભરપૂર બનાવે છે, પછી તે જીવને અન્ય કોઈ ક્રિયામાંથી રસ આવતો નથી, એટલે કે રાગ અનુરાગમાં ફેરવાઈ જાય છે,તત્વતઃ ઈશ્વર સ્વરૂપમાં તેનું અનુસંધાન એટલે કે ઈશ્વર પ્રત્યે જોડાણ થઈ જાય છે, અનેએ તેનું સાન્નીધ્ય પણ મહેસુસ કરી શકે. રસ ઉત્પન્ન કરનાર સાથે જીવન જીવવાનું મળે, તો મન કોઈ અન્ય પ્રકારના રસમાં શું કામ જાય! એટલે કે લાખ દુઃખોની એક દવા, હરિ નામ સ્મરણ એ અનન્ય રસને પ્રાપ્ત કરાવનાર છે. માટે દરેક જીવને આ રસનો સ્વાદ ચાખવા મળે, જેમ નરસિંહ-મીરાં તુલસી કબીર, ગુરુ નાનક નરસૈંયો ભોગી વગેરે કેટલાયે સિદ્ધપુરુષો એ આ રસ ચાખ્યો. તેમની મસ્તી આજ સુધી લોકો યાદ કરીને, પોતે પણ એ ભાવમાં ડૂબે છે. દરેકે દરેક જીવ પોતાના જીવનમાં ઈશ્વરના રૂપ, સ્વરૂપ, નો કે તેના આ પ્રકૃતિ સ્વરુપના એશ્વર્યાનો રસ પ્રાપ્ત કરી અને પોતાના જીવનને ધન્ય બનાવે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# ભગવદ્ ગીતામાં કહ્યું છે કે પાપનો બાપ છે લોભ અને પાપની મા છે મમતા, લોભ અને મમતા પાપ કરાવે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા




બાળકનો જન્મ થયો ત્યારે તેને કોઈ વ્યસન ન હતું, તેને કોઈ કુટેવ ન હતી, કોઈ દોષ ન હતો. પણ મોટો થયા પછી જેવા સંગમાં આવ્યો એવો એ બન્યો.મોટો થયો અને બીડી તમાકુ ગુટકા પીનાર ખાનાર સાથે રહેવા લાગ્યો ત્યાર થી બીડીતમાકુ પીવા ખાવા લાગ્યો સંગથી જીવન સુધરે છે, સંગથી જીવન બગડે છે. આંબા ફરતાં બાવળ વાવશો તો આંબો ફળ આપશે નહીં.મન ઉપર સંગની અસર થાય છે. વિલાસીનો સંગ હશે તો મનુષ્ય વિલાસી થશે. વિરક્તના સંગમાં રહેશો તો તે વિરક્ત બને. બીજું બધું બગડે તો બગડવા દેજો, પણ આ મન, બુદ્ધિ ને ન બગડવા દેજો. કાળજા ને જો ડાઘો પડ્યો તો ત્રણ-ચાર જન્મ લેશો પણ ડાઘો જશે નહીં.

સંગનો રંગ મનને જરૂર લાગે છે. તમારા કરતાં જ્ઞાનમાં, સદાચરણ માં, ભક્તિમાં, વૈરાગ્યમાં આગળ હોય તેવા મહાપુરુષોનો આદર્શ ષ્ટિ સમક્ષ રાખજો. રોજ ઇચ્છા કરવાની કે ભગવાન શંકરા ચાર્ય જેવું જ્ઞાન, મહાપ્રભુજી જેવી ભક્તિ અને શુકદેવજી જેવો વૈરાગ્ય મને પ્રાપ્ત થાય.પ્રાતઃસમય માં ઋષિઓને યાદ કરવાથી તેમના ગુણો આપણામાં ઊતરી આવે છે. રોજ પૂર્વજોને વંદન કરો ને રટો કે મારે ઋષિ જેવું જીવન ગાળવું છે. ઋષિ થવું છે, વિલાસી થવું નથી. સંસાર-વ્યવહારમાં રહીને બ્રહ્મ જ્ઞાન ટકાવવું. ભક્તિ કરવીએ ઘણું કઠણ છે. સંગની અસર ખૂબ લાગે છે. ચોરી અને વ્યભિચાર મહાપાપ ગણ્યાં છે. આ પાપ સગો ભાઈ કરે તો તેનો સંગ પણ છોડી દેજો કે, ધૃતરાષ્ટ્ર ના સંગમાં રહીશ તો મારું જીવન બગડશે.તેથી વિદુરજી ઘરનો ત્યાગ કરી ગંગાકિનારે આવી ભગવાનની ભક્તિ કરવા લાગેલા, ને તાંદળજાની ભાજીમાં સંતોષ માનેલો. ધૃતરાષ્ટ્રે વિદુરજી માટે ઘણું મોકલ્યું,પણ વિદુરજી એ તેનો અસ્વીકાર કર્યો. પાપીના ઘરનું ન ખવાય. પ્રભુ ભજનમાં અન્નદોષ વિઘ્ન કરે છે.ભગવાન કૃપા કરે છે ત્યારે સંપત્તિ આપતા નથી, પણ સાચા સંતનો સત્સંગ આપે છે. સત્સંગ ઈશ્વર કૃપાથી મળે છે પણ કુસંગમાં ન એવું તે તમારા હાથની વાત છે. ઈશ્વર માટે લૌકિક સુખનો પણ ત્યાગ ન કરે ત્યાં સુધી તે જીવ માટે પ્રભુને દયા આવતી નથી સર્વનો ત્યાગ કરી વિદુરજી-સુલભા પરમે શ્વરનું આરાધન કરે છે,તપ કરે છે. તપ કરવાથી બળે છે, જીવ શુદ્ધ થાય છે. ગૃહસ્થનો ધર્મ છે કે, વર્ષમાં અગિયાર માસ ઘરમાં રહેવું અને એકમાસ કોઈ પવિત્ર તીર્થમાં, પવિત્ર સ્થળે એકાંતમાં બેસી તપ કરવું. તે વખતે પ્રવૃત્તિ ન હોવી જોઈએ જે કાર્ય કરો તે પ્રભુ માટે જ કરો.

તપ કરવાથી પરમાત્માને દયા આવે છે. તપનું પહેલું અંગ છે જીભ ઉપર અંકુશ.જેને જરૂરિયા ત વધારે છે તે તપ કરી શકશે નહીં આજકાલ લોકોને જરૂરિયાત વધારે છે. પરિણામ એ આવે છે કે સંપત્તિ અને સમયનો વ્યયઇન્દ્રિયો ને લાડ લડાવવામાં થાય છે.મનુષ્ય સાધના કરતો નથી અને ખોટી વાતો કરે છે કે, મને ભગવાન દેખાતા નથી. ભગવાન સુલભ નથી પણ દુર્લભ છે. વિદુરજીએ પરમાત્મા માટે તપશ્ચર્યા કરી છે, તેથી વગર આમંત્રણે પરમાત્મા તેને ઘરે આવ્યા છે. વિદુરજીનો પ્રેમ એવો કે પરમાત્માને પણ તેની પાસે માગવાની ઈચ્છા થાય,ત્યારે સમજવું કે આપણી ભક્તિ સાચી છે. જ્યાં પરમાત્માને પણ પ્રેમ હોય ત્યાં માગીને ખાવાની ઈચ્છા થાય છે. પ્રેમ હોય તો કનૈયો કહે છે, તું મારા માટે માખણ લઈ આવ જ્યાં પ્રેમ ન હોય ત્યાં આપે તો પણ ખાવાની ઈચ્છા થતી નથી. ઈશ્વર સાથે જેને પ્રેમ કરવો છે તે જગત સાથે બહુ પ્રેમ ન કરે. જગતનો તિરસ્કાર ન કરો તેમ તેની સાથે પ્રેમ પણ ન કરો. પ્રેમ કરવા લાયક એક ઈશ્વર છે. વિદુરજીને ત્યાં પરમાત્મા પધાર્યા છે. સુલભાની ઈચ્છા સફળ થઈ છે. ઠાકોરજીએ તેની ભાજી આરોગી છે. મૈત્રી સમાનમાં થાય.

જીવ જો ઈશ્વર જેવો બને તો ભગવાન તેના ઘરે આવે. પ્રભુએ ધૃતરાષ્ટ્રના ઘરનું પાણી પીધું નથી એટલે કૌરવોનો વિનાશ થશે. શુક દેવજી રાજાને કહે છે,ભગવાન શ્રી કૃષ્ણ વિષ્ટિ કરાવવા આવ્યા. પણ કુરુરાજે તેનું કહેવું માન્યું નહીં. પછી સલા વિદ્રને બોલાવવામાં આવ્યા. વિદુર જીએ ધૃતરાષ્ટ્રને ઉપદેશ આપી સમજાવવા પ્રયત્ન માટે કર્યો,પણ ધૃતરાષ્ટ્ તેનું માનતા નથી. આ ઉપદેશ વિદુરનીતિના નામે ઓળખાય છે.જે બીજાના ધનનું હરણ કરી લે છે તે ધૃતરાષ્ટ્ર, જેની આંખમાં પૈસો છે તે આંખ હોવા છતાં આંધળો થઈ જાય છે.પાપી પુત્ર સાથે પ્રેમ કરનારો બાપએ ધૃતરાષ્ટ્ર,પહેલાં તો એક ધૃતરાષ્ટ્ર હતા પણ આજકાલ તો ધૃતરાષ્ટો બહુ વધી પડ્યા છે. વિદુરજ ધૃતરાષ્ટ્રને કહે છે, દુર્યોધન પાપી છે. દુર્યોધન તારો પુત્ર નથી પણ તારું પાપ જ પુત્ર તરીકે આવ્યો છે. એ તારા વંશનો વિનાશ કરવા આવ્યો છે. ઘણીવાર પાપ જ પુત્ર રૂપે આવે ત્રાસ આપે છે. શાસ્ત્રમાં કહ્યું છે, દુરાચારી દીકરો માબાપની દુર્ગતિ કરે છે.સદાચારી પુત્ર મા બાપ ની સદગતિ કરે છે.પુત્ર દુરા ચારી હોય તો તેનો સંગ છોડી દેવો. માનવું આ મારો પુત્ર નથી, કરું પાપ પુત્રરૂપે આવ્યું છે. આજકાલના યુવાનો પાપની બીક રાખતા નથી તેથી માર ખાય છે. ચોરી અને વ્યભિચારને મહાપાપ માન્યાં છે. તે ક્ષમ્ય નથી. બીજાં પાપો ક્ષમ્ય છે. કેટલાંક ચોર જેલ માં,કેટલાંક ચોર મહેલમાં રહે છે. ચોર એટલે? વગર મહેનતે બીજા નું પચાવે તે ચોર છે. જેનું છે તેને આપ્યા વિના મફતનું ખાય તે ચોર છે, વગર મહેનતનું જે ખાય તે ચોર છે. સ્થિતિ સારી હોવા છતાં જે અતિથિસત્કાર કરતો નથી તે ચોર છે. પોતાને માટે જ રાંધીને ખાય તે ચોર છે. અગ્નિમાં આહુતિ આપ્યા વગર ખાય તે ચોર છે. વ્યાજબી નફા કરતાં વધારે લે તે ચોર છે.વિચારો,આમાંથી કોઇ માં તમારો નંબર તો નથી ને? વિદુરજી કહે છે કે, પ્રભુએ પાંડવો ને અપનાવ્યા છે. તેથી તેઓને પ્રભુ ગાદી ઉપર બેસાડશે.ધર્મરાજા તારા અપરાધ ક્ષમા કરવા તૈયાર છે.ધર્મરાજા અજાત શત્રુ છે.માટે હજુ દુર્યોધન નો મોહ ત્યાગ,નહીં તો વિનાશ થશે. ધૃતરાષ્ટ્ર કહે છે,ભાઈ તું કહે તે સાચું છે, પણ દુર્યોધન જ્યારે મારી પાસે આવે છે ત્યારે મારું જ્ઞાન રહેતું નથી. પાપનો બાપ છે લોભ અને પાપની મા છે મમતા.લોભ અને મમતા પાપ કરાવે છે. દુર્યોધનને કાને વાત આવી કે,વિદુરકાકા અમારીવિરુદ્ધ વાતો કરતા હતા. તરત દુર્યોધને વિદુરજીને સભામાં બોલાવી એમનું અપમાન કર્યું.વૃક્ષ- યુધિષ્ઠિર સંવાદમાં યક્ષે પ્રશ્ન કર્યો કે, કાયમનો નરકમાં કોણ પડે છે?ત્યારે યુધિષ્ઠિર કહે છે કે, આમંત્રણ આપે અને તેનું અપમાન કરે તે કાયમ માટે નરકમાં પડે છે. દુર્યોધન વિદુરજીને કહે છે,તું દાસી પુત્ર મારું જ અન્ન ખાઇને મારી નિંદા કરે છે?મારા ઘરનુંભાઈ મારી વિરુદ્ધ કામ કરે છે?

સમર્થ હોવા છતાં જે સહન કરે તે સંત. તે ભગવાનનો અવતાર છે. વિદુરજીમાં એવી શક્તિ હતી વિદુરજી એવા ધીર ગંભીર છે કે, તે નિંદા સહન કરે છે.સભામાં નિંદા સહન કરે તે સંત કે,આંખ ઊઘાડી ને દુર્યોધન સામે જએ તો દુર્યોધન બળીને ખાક થાય. પણ વિદુરજી તે શક્તિનો ઉપયોગ કરતા નથી. શક્તિનો દુરુપયોગ કરે તે દૈત્ય. સંપત્તિ અને સમયનો વિવેકપૂર્ણ ઉપયોગ કરે છે એ દેવ. તમે ખૂબ સહન કરશો તો સંત થશો. કેટલીક સાસુઓ વહુઓ ઉપર જુલમ કરે છે. તે કહે છે કે, હું વડું કરતાં મોટી એટલે તેને હુકમ કરવાનો હક્ક છે. વિચાર કરો,વહુ કરતા સાસુ મોટી નથી બંને સમાન વયના છે સાસુ વહુનો એક જ દિવસે સાથે જન્મ થયો છે જે દિવસે એક વહુ બની તે જ દિવસે બીજી સાસુ બને છે કોઈ જીવને અવગણશો નહીં. મિત્રો આપણા ધર્મ ગ્રંથોની વાત છે શ્રાધ્ધ પક્ષમાં ભગવદ્ જ્ઞાન રજુ કરવાનો પ્રયાસ છે બધાને બધું ગ્રંથસ્થના પણ સમજાય.. ગ્રંથમાં રજુ થયેલ વાત અને આપણા તથ્યો જુદા હોઈ શકે..લેખક કે સંકલનકર્તા તરીકે કોઈ વાત રજુ થઈ હોય અને સારા સૂચનો આવે તો જાણવા મળે કે ખરેખર આ નહી આ સાચું છે.. સદા ખુશ રહો..લેખક કે સંકલનકર્તાના વખાણ નહીં આવા સૂચનો પણ જરૂરી હોય છે.

## પેચોટી ખસવા પાછળ અનેક કારણો જવાબદાર હોય છે



આ સમસ્યાના ઘણા કારણો હોઈ શકે છે, જેમ કે ભારે વજન ઊંચકવું, અચાનક નમવું, સીડી ચડતી અને ઉતરતી વખતે સ્નાયુઓમાં તાણ આવવી, વધુ મસાલેદાર ખોરાક ખાવાથી અચાનક વળાંક આવવો અને લપસી જવું. ઘણી વખત લાંબા સમય સુધી એક પગ પર જોર રાખીને ઉભા રહેવાથી પણ નાભિ સરકી જાય છે. નાભિ લપ સી કે ખસી જવાની આ સમસ્યા કેટલાક લોકોને વારંવાર પરેશાન કરે છે. નાભિ ખસી જવાની સમસ્યા સામાન્ય હોય છે. નાભિ ખસકવી જેને પેચોટી કહેવામાં આવે છે. પેચોટી ખસવા પાછળ અનેક કારણો જવાબદાર હોય છે. જો કે પેચોટી ખસવા પાછળનું સૌથી મોટું કારણ અચાનક વજન ઉપડવું છે. અચનાજ તમે કોઈ વજન ઝડપથી ઉપાડી લો છો ત્યારે પેચોટી ખસવાની સમસ્યા થાય છે. મુખ્ય રૂપથી પેટના કામ કાજને અનેક રીતે પ્રભાવિત કરે છે. આ સિવાય ઝાટકાની સાથે નીચે નમવું તેમજ સીઢી ચઢવી પણ એક કારણ હોઈ શકે છે. આ લક્ષણો તમને શરીરમાં જોવા મળતા હોય છે.

આ લક્ષણોથી પરથી તમને પેચોટી ખસવાનો અંદાજ આવી જાય છે. તો જાણો આ વિશે બહુ જૂના દાદી-નાનીના આ ઉપાયો વિશે. પેચોટી ખસી ગઈ છે કે નહીં એ વાતની જાણ તમને નાભિમાં ધબકારા પરથી જાણી શકો છો. પહેલાનાં સમયમાં દાદી-નાની આ રીતે પેચોટી ખસી ગઈ છે કે નહીં એની જાણ કરતા હતા. આ માટે પીઠના બળ પર સૂઈ જાવો. ત્યારબાદ તમારા અથવા બીજાની મદદ લઈને અંગૂઠાથી નાભિ દબાવો. આ સમયે તમને નાભિમાં ધબકારાનો અનુભવ થાય છે તો સમજી લો કે પેચોટી બરાબર છે, પરંતુ તમને ધબકારાનો અનુભવ થતો નથી તો પેચોટી ખસવાનો સંકેત મળે છે.પેચોટી ખસી ગઈ છે કે નહીં જાણવા માટે સૌથી પહેલાં જમીન પર સૂઈ જાવો.

# અળવીમાં અનેક જાતો ઉનાળા-ચોમાસામાં થાય છે

## પાતરાં બલાવવાના અળવીના પાનમાં છુપાયેલાં છે બિમારીથી લડવાના અનેક ગુણો



બધી અળવી માં કાળી અળવી સારી મનાય છે. કેટલીક અળવી ને મોટા અને કેટલીક અળવી ને નાના કંદ આવે છે. જેની અલગ અલગ પ્રકાર ની અનેક વાનગીઓ બને છે. અળવી ના કોઈપણ જાતના શાકને કાચું ખાવું જોઈએ નહિ. તો ચાલો જાણીએ અળવી ના ફાયદા , અળવીના પાનના રસમાં વિટામિન એ, બીટા-કૈરોટિન તથા ક્રિપ્ટોક્સૈન્થિન નામક સત્ત્વ સમાયેલું છે. જે ત્વચાની ચમક તથા તેનું સ્વાસ્થ્ય જાળવવામાં મદદ કરે છે. ૧૦૦ ગ્રામ પાનમાં વિટામિન સીનું પ્રમાણ ૩૫.૫ મિલીગ્રામ, કેલ્શિયમની માત્રા ૮૬ મિલી ગ્રામ, પ્રોટિનનું પ્રમાણ ૨.૭૨ ગ્રામની આસપાસ સમાયેલું જોવા મળે છે. વાળ ખરવા, વાળ રુક્ષ થઈ જવા આ બધી સમસ્યા સામાન્ય થઈ ગઈ છે, જો તમે તેનાથી છુટકારો મેળવવા ઈચ્છો છો તો અળવી ના કંદ ને પીસી ને તેનો રસ નીકાળી ને તેને વાળ માં લગાવવો અને તેનાથી માલીશ કરો આમ કરવાથી ખરતા વાળ બંધ થઈ જશે. અળવીના પાંદડા માં એમીનો એસીડ અને થ્રે ઓનીન ભરપૂર માત્રા માં હોય છે. આ બન્ને તત્વો ત્વચામાં કોલેઝોન અને ઈલાસ્ટીન બનવવામાં મદદ કરે છે માટે જ અળવી ના પાંદડા નો નિયમિત રીતે સેવન અને ઉપયોગ કરવાથી ત્વચા ને રક્ષણ મળે છે અને કરચલીઓ જલ્દી થી પડતી નથી.

પાતરાંના પાનનો ઉપયોગ કરવાથી કૉલેસ્ટ્રોલ સંબંધિત સમસ્યાથી બચાવમાં લાભકારક બને છે. પાનમાં કૉલેસ્ટ્રોલનું પ્રમાણ જરાપણ હોતું નથી. આથી પ્રાકૃત્તિક રીતે કૉલેસ્ટ્રોલને ઘટાડવાની ઈચ્છા ધરાવતી વ્યક્તિએ અરબીના આહારમાં ઉપયોગ કરવો જોઈએ. પશુઓને પાતરાંના પાન આહારમાં આપ્યા બાદ તેમનાં સ્વાસ્થ્યમાં સકારાત્મક બદલાવ જોવા મળ્યા હતા. એવું પણ શોધ દ્વારા જાણવા મળ્યું હતું કે પાતરાના પાનનું ચૂર્ણ ખાવાથી લિપિડ પ્રોફાઈલને સામાન્ય બનાવવામાં મદદ મળી હતી. પાનનો ઉપયોગ કરતાં પહેલાં તેની સફાઈ યોગ્ય રીતે કરવી જરૂરી છે. જેથી ચોમાચાને કારણે પાન ઉપર ચોંટી ગયેલાં વિષેલાં જીવાણુંથી બચી શકાય. પાતરાંનો પાનનો ઉપયોગ આયુર્વેદિક ઔષધીના રૂપમાં વર્ષોથી થતો આવ્યો છે. પાનની નસ કાઢી લીધા બાદ જ તેનો વિવિધ રીતે ઉપયોગ કરવો હિતાવહ ગણાય છે. તેનું મુખ્ય કારણ અનેક વખત નસ રહેવા દેવાને લીધે ગળામાં ખંજવાળ ઉપડતી હોય છે. ચણાના લોટમાં પૂરતાં મસાલા કરીને પાન ઉપર લગાવીને બાફ્યા બાદ ખાવાથી સ્વાદિષ્ટ લાગે છે. પાનનો રસ પણ પ્રમાણભાન રાખીને પી શકાય છે. પાનની ચટણી બનાવીને ખાઈ શકાય છે. અડદના લોટમાં પાનને બારિક સમારીને ભેળવવાથી તેના ભજિયા બનાવી શકાય છે. પાનમાં ઝેરી સત્ત્વ સમાયેલાં જોવા મળે છે. તેથી પાનને પકાવીને ખાવાની સલાહ આપવામાં આવે છે. વિવિધ વિટામિન જેવા કે વિટામિન એ, વિટામિન સી, વિટામિન બી-૬ની માત્રા સમાયેલી જોવા મળે છે. મૈંગેનિઝ, આયર્ન, કૉપર, પોટેશિયમ તથા કેલ્શિયમની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી જોવા મળે છે. વળી પાતરાં કે અરબીના પાનમાં કુદરતી રીતે ફાઈબરની માત્રા સમાયેલી છે. પાનમાં સમાયેલું વિટામિન સી, કોલન કેન્સરના ખતરાથી શરીરને બચાવે છે. બે ઝૂડી પાન, બે વાટકી ચણાનો લોટ, એક મોટી ચમચી મકાઈનો લોટ, એક મોટી ચમચી જુવારનો લોટ, વાટેલાં આદુ, મરચાંની પેસ્ટ, સ્વાદાનુસાર મીઠું- ખાંડ, એક વાટકી મોળું દહીં, એક ચમચી ધાણાજીરૂ પાઉડર, એક ચમચી લાલ મરચું પાઉડર, એક નાની સમચી અજમો, બે ચમચી શેકેલા તલ, એક નાની ચમચી હિંગ, એક મોટી ચમચી શેકેલી સિંગનો અધકચરો ભૂકો. એક ચમચી તલના તેલનું મોણ, વઘાર માટે મીઠો લીમડો, તલ, લીંબૂનો રસ, દળેલી ખાંડ. સજાવટ માટે લીંબૂ.

## દાંતની સાથે સાથે જીભની પણ સફાઈ કરવી ખૂબ જરુરી



જીભ પર જામેલી ગંદકી ઘણી વાર મોંમાંથી આવતી દુર્ગંધનું કારણ બને છએ. જો તમે પણ બ્રશ કર્યા બાદ જીભની સફાઈ કરવાનું ભૂલી જતાં હોવ તો આ જાણી લેજો. તેનાથી સ્વાસ્થ્યને થતાં નુકસાન અને શા માટે જરુરી છે જીભની સફાઈ. લીંબૂની છાલ પર ચપટી હળદર છાંટીને જીભ પર રગડવાથી જામેલી સફેદ પરત દૂર થઈ જાય છે. જીભની સફાઈ કરવા માટે મીઠાનો ઉપયોગ પણ કરી શકાય છે. બ્રશ સાથે મીઠાને રગડવાથી જીભ પર જામેલી કેવિટી સાફ થઈ જાય છે અને મોંની દુર્ગંધ દૂર થાય છે. પેટને સ્વસ્થ રાખવા માટે શરીરમાં આ બધા જ દોષોને સંતિલિત રાખવા બહુ જરૂરી છે. આ સિવાય તમે જે પણ કઈ ખાઓ-પીઓ, જીભ પર રહેલ ગંદકી, નુકસાનકારક બેક્ટેરિયા અને ટૉક્સિન્સ સીધા પેટમાં પ્રવેશી જાય છે અને ગટ હેલ્થને પણ પ્રભાવિત કરે છે. એટલે જ આયુર્વેદ સલાહ આપે છે કે, રોજ જીભની સફાઈ કરવી જરૂરી છે. ડાયટીશિયન મનપ્રીત જણાવે છે કે, પેટના સ્વાસ્થ્યને જાળવી રાખવા માટે નિયમિત જીભની સફાઈ કરવી જોઈએ. આજે અમે તમને જણાવી રહ્યા છીએ, જીભની સફાઈથી સ્વાસ્થ્યને મળતા ફાયદા વિસ્તૃતમાં. જો તમે રોજ જીભની સફાઈ નથી કરતા તો તેનાથી જીભ પર બનેલા ટેસ્ટ બડ્સ બ્લોક થવા લાગે છે. જેના કારણે ધીમે ધીમે આપને ટેસ્ટનો અનુભવ ઓછો થઈ જશે. જીભની નિયમિતથી સફાઈથી બેક્ટીરિયા જમા થઈ શકશે નહીં. મોંની દુર્ગંધ બ્રશ કર્યા બાદ પણ નથી જતી તો તેનું કારણ ગંદી જીભ હોય શકે છે. જેના કારણે મોંમાં બેક્ટીરિયા રહી જાય છે. દરરોજ જીભની સફાઈ કરવાથી શ્વાસની દુર્ગંધ દૂર થાય છે અને સાથે જ ઓરલ હેલ્થ બને છે. સ્ટડી અનુસાર શ્વાસમાંથી આવતી દુર્ગંધના ૫૦ ટકા કારણ જીભ પર જામેલા બેક્ટીરિયાનું પરત હોય છે. એટલા માટે દાંતની સફાઈની સાથે સાથે જીભની સફાઈ પણ જરુરી છે. રોજ જીભની સફાઈ ન કરવાથી જામેલા બેક્ટીરિયા પેટમાં જાય છે અને કેટલાય પ્રકારના ઈંફેક્શન શરીરમાં થાય છે.

## આપણા સ્વાસ્થ્યથી લઈને નિવાસ સુધી વૃક્ષોનું મહત્ત્વ ગજબનું છે



પીપળો હવામાંથી ૧૦૦ ટકા કાર્બન ડાયોક્સાઈડ શોષી લે છે. લીમડો ૮૦ ટકા કાર્બન ડાયોક્સાઈડ શોષી લે છે તો અન્ય વૃક્ષો-જેવાં કે વડ-૮૦ ટકા, આમલી -૮૦ ટકા, કોઠમડી-૮૦ ટકા, બિલીનું વૃક્ષ ૮૫ ટકા, આંબળાનું વૃક્ષ-૭૪ ટકા અને આંબો ૭૦ ટકા કાર્બન ડાયોક્સાઈડ શોષી શુદ્ધ ઓક્સિજન પૂરો પાડે છે. જીવનના દરેક ક્ષેત્રમાં વૃક્ષોનું મહત્ત્વ અધિક છે. આપણા સ્વાસ્થ્યથી લઈને નિવાસ સુધી વૃક્ષોનું મહત્ત્વ ગજબનું છે. લગભગ બધા જ રોગોનો ઉપચાર એ વૃક્ષો પર આધારિત છે. વૃક્ષો આપણા મિત્રો છે જે જીવનભર આપણને સાથ આપે છે. આપણા પર્યાવરણ અને પરિસ્થિતિને જીવંત અને સુખદ બનાવે છે. તાપમાન અને ઓક્સિજનનું પ્રમાણ જાળવી રાખે છે. હજારો પ્રકારનાં વૃક્ષો ધરતીનું અલંકાર છે. વૃક્ષો વિના પૃથ્વી મૃત અને શુષ્ક થઈ જાય. વૃક્ષો પૃથ્વી પર જીવન માટે સૌથી પ્રમુખ આશીર્વાદ છે.

વૃક્ષો જીવંત હોય ત્યાં સુધી માનવ અને પશુ-પંખીની મદદ કરે છે તેમ જ સુકાઈ પછી પણ મદદ કરે છે. આ બધા વૃક્ષો શીતળ છાયો તો આપે જ છે, પણ તેની સાથે જ વાતાવરણમાંથી મોટા પ્રમાણમાં કાર્બન ડાયોક્સાઈડ શોષી ઓક્સિજન આપે છે. બદલાયેલા સંજોગોમાં આપણે આ કિંમતી વૃક્ષો જે જંગલી વૃક્ષો જે ગણી કાપી નાખીએ છીએ અને આપણાં જ પગ પર કુહાડો મારીએ છે. આનો અર્થ એ થયો કે આવા વૃક્ષો વાવી અને ઉછેરી તેની દેખભાળ કરનારાએ વાતાવરણમાંથી પોતે તો મુક્ત થશે જ, પણ તેની સાથે ભાવિ પેઢીને પણ શુદ્ધ ઓક્સિજન પૂરો પાડવાના પ્રયાસો કરી જશે. અત્યાર સુધી આપણે આવા વૃક્ષોને બેરહેમ બનીને કાપી નાખ્યા છે. તેને હવે વધુ પ્રમાણમાં વાવી વાતાવરણ શુદ્ધ બનાવવાની જરૂર છે. જો કે પરિસ્થિતિ હજુય એટલી બગડી નથી કે આપણા હાથમાં કશું જ નથી રહ્યું. પરિસ્થિતિ અને વાતાવરણ આપણે સુધારી શકીએ છીએ. બીજી તરફ કેસરી રંગના ફૂલો ધરાવતા ગુલમહોરના વૃક્ષો અને નિલગીરીના વૃક્ષો પર્યાવરણ માટે સૌથી વધુ ઘાતક છે. એ પણ એટલું જ સાચું છે.

BOLLYWOOD NEWS FLASH

## વિલનનો રોલ કરીને બોબી દેઓલે ૫ વખત દિલ જીત્યાં



। મુંબઈ, તા.૯ ।

બોબી દેઓલે પોતાના કરિયરની શરૂઆત રોમેન્ટિક હીરો તરીકે કરી હતી, પરંતુ થોડા સમય પછી તે ખરાબ વ્યક્તિની ભૂમિકા ભજવીને લોકપ્રિય બની ગયો હતો. 'એનિમલ' પહેલા બોબી દેઓલને બેડ બોયના રોલમાં ૫ વખત પસંદ કરવામાં આવ્યો હતો. બોબી દેઓલની ૨૦૦૦માં આવેલી ફિલ્મ 'બાદલ' વિદેશી ફિલ્મ 'ધ ડેવિલ્સ ઓન'થી પ્રેરિત હોવાનું કહેવાય છે. આ ફિલ્મમાં, અભિનેતાએ બાદલ નામના આતંકવાદીની ભૂમિકા ભજવી હતી, જેણે બાળપણમાં એક હત્યાકાંડમાં પોતાનો આખો પરિવાર ગુમાવ્યો હતો. ફિલ્મ 'બિચ્છુમાં બોબી દેઓલે જીવા નામનું પાત્ર ભજવ્યું છે, જે એક અમીર છોકરીના પ્રેમમાં પડે છે, પરંતુ છોકરીના પિતા પોલીસ કર્મીઓને લાંચ આપે છે, અને જીવાની માતા અને બહેનને ખોટા આરોપમાં જેલમાં ધકેલી દે છે. ૨૦૦૭ની ફિલ્મ 'શકા લાકા બૂમ બૂમ'માં બોબીએ અયાન જોશીની ભૂમિકા ભજવી હતી, જે એક સંગીતકાર છે. ફિલ્મમાં તે ખરાબ વ્યક્તિ બની ગયો છે. ફિલ્મમાં કંગના રનૌતનો પણ રસપ્રદ રોલ છે. બોબી દેઓલે વર્ષ ૨૦૨૦માં વેબ સિરીઝ 'આશ્રમ' સાથે જબરદસ્ત પુનરાગમન કર્યું હતું.

## શાહરૂખ ખાન પોતે જ તેની સુરક્ષા માટે ચૂકવણી કરાવશે



। મુંબઈ, તા.૯ ।

અભિનેતા શાહરૂખ ખાનને આ વર્ષે તેની સતત બે હિટ ફિલ્મો જવાન અને પઠાણ પછી ખતરાની ધારણાને ધ્યાનમાં રાખીને Y સુરક્ષા આપવામાં આવી છે. સુરક્ષાના ભાગરૂપે, બૉલીવુડનાં કિંગ ખાનને દરેક સમયે તેના અંગરક્ષકો તરીકે છ પોલીસ કમાન્ડો મળશે. સશસ્ત્ર બોડીગાર્ડ્સ મહારાષ્ટ્ર પોલીસના સ્પેશિયલ પ્રોટેક્શન યુનિટના હશે. શાહરુખ ખાનને ખતરો હોવાની ધારણાથી સમગ્ર ભારતમાં તેમને સુરક્ષા આપવામાં આવશે અને સુરક્ષાકર્મીઓ **MP-5** મશીનગન, **AK-47** એસોલ્ટ રાઈફલ્સ અને ગ્લોક પિસ્તોલથી સજ્જ હશે. તેમના નિવાસસ્થાન કે જેનું નામ મન્નત છે તેના પર પણ ચાર હથિયારધારી પોલીસકર્મીઓ દ્વારા હંમેશા સુરક્ષા રાખવામાં આવશે. જો કે અભિનેતા પોતે જ તેની સુરક્ષા માટે ચૂકવણી કરશે. ભારતમાં, ખાનગી સુરક્ષા એજન્સીને અત્યાધુનિક હથિયારોથી સજ્જ કરી શકાતી નથી, તેથી જ તે પોલીસ દ્વારા પૂરી પાડવામાં આવતી સુરક્ષા હોવી જોઈએ.

જવાને ભારતમાં રૂ. ૬૧૮.૮૩ કરોડ અને વૈશ્વિક સ્તરે રૂ. ૧,૧૦૩ કરોડની કમાણી કરી છે, જ્યારે પઠાણે ભારતમાં રૂ. ૫૪૩.૦૫ કરોડ અને વિશ્વવ્યાપી બોક્સ ઓફિસ પર રૂ. ૧,૦૫૦.૩ કરોડની કમાણી કરી છે. શાહરૂખને તેની છેલ્લી બે ફિલ્મોની સફળતાને જોતાં, ગુપ્તચર અહેવાલોમાં જણાવવામાં આવ્યું છે કે કિંગ ખાનને જાનનું જોખમ નોંધપાત્ર રીતે વધી ગયુ છે. દિલીપ સાવંત, સ્પેશિયલ આઈજીપી, વીઆઈપી સિક્યુરિટી દ્વારા જારી કરાયેલ નોટિફિકેશનમાં જણાવાયું છે: "ફિલ્મ સ્ટાર અભિનેતા શાહરૂખ ખાન માટે તાજેતરના નિકટવર્તી અને સંભવિત જોખમોને ધ્યાનમાં રાખીને, તમામ યુનિટ કમાન્ડરોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ ચૂકવણીના આધારે તેને Y સ્તરની સુરક્ષા પ્રદાન કરે. આગામી ઉચ્ચ સ્તરીય સમિતિની ભલામણ અને સમીક્ષા સમિતિના નિર્ણય સુધી તાત્કાલિક અસરથી, તેમની મુલાકાતો દરમિયાન અને કોઈપણ અનિચ્છનીય ઘટનાને ટાળવા માટે સજાગ રહેવામાં આવે.

## અભિનેત્રી જાહ્નવી કપૂર ઝીનત અમાનના લૂકમાં જોવા મળી જે એક્ટિંગની સાથે સાથે સોશિયલ મીડિયા દ્વારા પણ ચર્ચામાં રહે છે



। મુંબઈ, તા.૯ ।

બોલીવૂડ અભિનેત્રી જાહ્નવી કપૂર અવારનવાર કોઈને કોઈ કારણોસર ચર્ચામાં રહે છે. તાજેતરમાં તેણે તેની કેટલીક તસવીરો શેર કરી હતી, જેમાં તે ઘણી ચર્ચામાં રહી હતી. હવે ફરી એકવાર તેણે એક વીડિયો ક્લિપ શેર કરી છે. આ વીડિયોમાં તે ઝીનત અમાનથી પ્રેરિત લુકમાં જોવા મળી રહી છે. વ્હાઈટ કલરના આ શાનદાર લૂકમાં જાહ્નવી કપૂર ખૂબ જ સુંદર લાગી રહી છે. જાહ્નવી કપૂરએ અભિનેત્રીઓમાંની એક છે જે એક્ટિંગની સાથે સાથે સોશિયલ મીડિયા દ્વારા પણ ચર્ચામાં રહે છે. તેના ચાહકો અભિનેત્રીની પોસ્ટની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. હવે તેના ચાહકો તેની તાજેતરની પોસ્ટ્સને કારણે તેના વખાણ કરતા થાકતા નથી. જાહ્નવી કપૂરે તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરીને બધાનું ધ્યાન ખેંચ્યું છે. આ વીડિયોમાં તે વ્હાઈટ કલરના હોટ ડ્રેસ પહેરેલી જોવા મળી રહી છે. વીડિયોમાં જોઈ શકાય છે કે તે કેવી રીતે લૈલા મેં લૈલા ગીતમાંથી ઝીનત અમાનના આઈકોનિક લૂકને કોપી કરતી જોવા મળી રહી છે. આ સાથે અભિનેત્રીને લૈલા મેં લૈલા લાઈન બોલતા પણ સાંભળી શકાય છે. વીડિયો શેર કરતી વખતે તેણે કેપ્શનમાં લખ્યું કે, 'Call me Gen Z-Innat'.

## સુશાંત સિંહ રાજપૂત પર રિયા ચક્રવર્તીના નવા નિવેદન પર વિવાદસુશાંત સિંહ રાજપૂતની બહેન ગુસ્સે





। મુંબઈ, તા.૯ ।

જ્યારે રિયા ચક્રવર્તીએ તાજેતરમાં સુશાંત સિંહ રાજપૂતની ખરાબ માનસિક સ્થિતિ અને અકાળે અવસાનનું કારણ જણાવ્યું ત્યારે દિવંગત અભિનેતાની બહેન શ્વેતા સિંહ કીર્તિએ ઈન્સ્ટાગ્રામ પર જઈને રિયા ચક્રવર્તીના નિવેદન પર નારાજગી વ્યક્ત કરી અને તેને ટોણો માર્યો. સુશાંત સિંહ રાજપૂતની બહેને સ્પષ્ટ કહ્યું કે તે તેના ભાઈને ન્યાય અપાવવા માટે લડતી રહેશે. પોતાના ભાઈની કેટલીક જૂની તસવીરો શેર કરતા શ્વેતા સિંહ કીર્તિએ લખ્યું, 'એવી વ્યક્તિને દોષી ઠેરવવા જે જીવિત નથી, તે પોતાનો બચાવ કરી શકતો નથી, મને આશ્ચર્ય છે કે તમે તમારા અંતરાત્માને શું જવાબ આપશો. મારો ભાઈ એક દયાળુ વ્યક્તિ હતો અને તે કરોડો લોકોના હૃદયમાં ધબકે છે. મને બહાર આવીને કંઈપણ કહેવાની જરૂર નથી લાગતી, કારણ કે લોકો સત્ય અનુભવી શકે છે.

## સરોજ ખાન કરોડોની ફિલ્મમાંથી થયા હતા બહાર



। મુંબઈ, તા.૯ ।

આર્થિક સંકડામણને કારણે સરોજ ખાને ફરી એક મિત્રની સલાહ પર બેકગ્રાઉન્ડ ડાન્સર તરીકે કામ કરવાનું શરૂ કર્યું અને ફિલ્મ હાવડા બ્રિજના ગીત મહેરબામાં બેકગ્રાઉન્ડ ડાન્સર તરીકે કામ કર્યું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેણે પહેલીવાર ફિલ્મ 'દિલ હી તો હૈ'ના પ્રખ્યાત ગીત 'નિગાહેં મિલાને કો જી ચાહતા હૈ'ને કોરિયોગ્રાફ કર્યું હતું. સરોજ ખાને ખૂબ જ નાની ઉંમરે ઈન્ડસ્ટ્રીમાં કામ કરવાનું શરૂ કર્યું અને ૧૩ વર્ષની ઉંમરે તેના ગુરુ સાથે લગ્ન કરીને બધાને ચોંકાવી દીધા. બીજી વખત તેણે મુસ્લિમ પુરુષ સાથે લગ્ન કરીને પોતાનો ધર્મ બદલી નાખ્યો. તેણે શ્રીદેવી અને માધુરી દીક્ષિત જેવા સ્ટાર્સ સહિત અનેક ટોચની હિરોઈનોને ડાન્સ શીખવ્યો. સરોજ ખાને તેની કારકિર્દીમાં બે હજારથી વધુ ગીતોની કોરિયોગ્રાફી કરી હતી. તેણે ઘણા એવોર્ડ્સ પણ જીત્યા પરંતુ તેના અંતિમ દિવસોમાં તેને કામ ઓછું મળ્યું. વર્ષ ૨૦૧૮માં રિલીઝ થયેલી બિગ બજેટ ફિલ્મ 'ઠગ્સ ઑફ હિન્દોસ્તાન'માં આમિર ખાન લીડ રોલમાં જોવા મળ્યો હતો.

# ઝાલોદ તાલુકામા અનુસૂચિત જાતિ કેળવણી મંડળની બેઠક યોજાઇ

। ઝાલોદ, તા.૯ ।

અનુસૂચિત જાતિ સૌરભ સામયિક પ્રેરિત તંત્રી નિતાબેન પરમાર તેમજ દિનેશભાઈ પરમારની અધ્યક્ષ સ્થાને દાહોદ જીલ્લા ત્રિસૂત્ર શતાબ્દી યાત્રાની ઉજવીણી તારીખ ૭/૧૦/૨૦૨૩ શનિવારના રોજ ધાનપુર, દેવગઢ બારીયા, લીમખેડા, સીંગવડ, અને સંજેલી તાલુકાઓની અનુસૂચિત જાતિ કેળવણી મંડળના અનુસૂચિત જાતિ સમાજના અગ્રણીઓની બેઠકો યોજવામાં આવી હતી અને તારીખ ૮/૧૦/૨૦૨૩ રવિવારના ગરબાડા, દાહોદ, ઝાલોદ અને ફતેપુરા તાલુકાઓની અનુસૂચિત જાતિ કેળવણી મંડળના આયોજકો અને સમાજીક આગેવાનો સમગ્ર અનુસૂચિત જાતિ સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિતમા બેઠકો યોજવામાં આવી હતી.



દાહોદ જિલ્લા ત્રિસૂત્ર શતાબ્દી ઊજવણી યાત્રા આજરોજ ઝાલોદ ખાતે આવી પહોંચી જેમા ઉપસ્થિત રાજકોટ થી દિનેશભાઈ પરમાર તેમજ નીતાબેન પરમાર અને વડોદરાથી ગીરીશભાઈ મિસ્રી દાહોદ જીલ્લા કન્વીનર ગોપાલભાઈ ધાનકા, સહ કન્વીનર કિરણભાઈ ચાવડા, તેમજ બબીતાબેન ચાવડા અનુસૂચિત જાતિ દાહોદ જીલ્લા પ્રમુખ દેવચંદભાઈ પરમાર, અનુસૂચિત જાતિ મોરચાના દાહોદ જિલ્લા પ્રભારી ભરતભાઈ શ્રીમાળી, દાહોદ જીલ્લા પૂર્વ મોરચા પ્રમુખ જીતેન્દ્રભાઈ શ્રીમાળી, સમાજ અગ્રણી એવા મુકેશભાઈ ખાંગુડા, રમેશભાઈ ખાંગુડા, પરસોતમભાઈ ખાંગુડા લીલવાઠાકોર, અજયભાઈ કપાસીયા,પ્રેમચંદભાઈ, નટવરભાઈ પરમાર, અરવિંદભાઈ, બદિરામભાઈ, મુકેશભાઈ ડામોર (ઉર્ફે બટુલભાઈ) બાબુભાઈ ભુનાતર જેન્તીભાઈ ભુનાતર શંકરભાઈ દિનેશભાઈ નિકુંજભાઈ તેમજ મહેશભાઈ આંત્રોલ રાજુભાઈ પીઠાયા ગના (ગણપત) ભાઈ મેશન અલ્પેશભાઈ. વગોણા સંદિપભાઈ કાંતિભાઈ વગોણા કનુભાઈ તેમજ ઝાલોદ તાલુકાના આજુબાજુના ઝાલોદ શહેર, લીલવાઠાકોર, લીમડી, બીલવાણી, પારેવા, ડુગરી, વરોડ, કદવાળ, કારઠ, વગેલા, પેથાપુર, પાણીયા, ગરાડુ, આંબા વિગેરે ગામોમાંથી અનુસૂચિત જાતિ સમાજના અગ્રણીઓ હાજર રહ્યા હતા જેમા ઉપસ્થિત મહાનુભાવો ધ્વારા શૈક્ષણિક ક્ષેત્રે આગળ વધે અને અનુસૂચિત જાતિ ના તમામ ભાઈઓ અને બહેનો પેટા જ્ઞાતિ ભુલેને આપણે સૌ અનુસૂચિત જાતિ સમાજની એકતા સંગઠન મજબૂત બને જે હેતુ દેશ ના બંધારણના ઘડવૈયો ડૉ. બાબાસાહેબ આંબેડકર દ્વારા આપેલ ત્રિસૂત્ર મંત્ર, શિક્ષિતબનો, સંઘઠિત થાવ અને સંઘર્ષ કરો, જે મંત્ર ને સાકાર કરવા સંદેશો તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. ઉપસ્થિત સહુ આગેવાનોને જણાવવામાં આવ્યું કે સૌ પોત પોતાના ગામ મા તેમજ આજુબાજુના વિસ્તારમાં અનુસૂચિત જાતિના ફળિયા સુધી જઈ ડૉ. બાબાસાહેબ આંબેડકર સાહેબ દ્વારા આપેલ ત્રિસુત્ર મંત્ર તેમજ ઉપસ્થિત મહાનુભાવો અને વડીલોએ આપેલ માર્ગદર્શન એક વ્યક્તિ સુધી પહોંચાડી અને ગામે ગામ બેઠકોનુ આયોજન કરે તેવું સૂચન આપવામાં આવેલ હતું.

### કપડવંજ તાલુકાના વિવિધ ગામોમાં અમૃત કળશ યાત્રા યોજાઈ

# કલાજી ગામેથી ધારાસભ્ય રાજેશભાઈ ઝાલાના વરદ હસ્તે કળશ યાત્રા રથનું પ્રસ્થાન કરાયું



। રાજેશ શર્મા આતરસુંબા, તા.૯ ।

કપડવંજ તાલુકાના કલાજી ગામે ‘‘મારી માટી મારો દેશ’’ અંતર્ગત ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલાના વરદ હસ્તે અમૃત કળશ યાત્રા રથનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતુ.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલાએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના આહવાનથી સમગ્ર દેશ ભરમાં શરૂ કરવામાં આવેલ અમૃત કળશ યાત્રાની રૂપરેખા આપી માટીને નમન તથા શહીદોને વંદન કર્યા હતા.

આ પ્રસંગે ગામે ગામથી ચપટી ચોખા અને માટી ગ્રામજનો દ્વારા અમૃત કળશમાં એકત્રીત કરવામાં આવી હતી. જેનો દિલ્હી ખાતે નિર્માણ થનાર ‘‘અમૃત વાટિકા’’ માં ઉપયોગ કરવામાં આવનાર છે. કલાજી ગામેથી શરૂ થયેલ આ અમૃત કળશ યાત્રા કલાજી, ભુંગળીયા, અલવા, વ્યાસવાસણા, ઝંડા, અબોચ, મોટીઝેર, આબવેલ, નિરમાલી, બેટાવાડા સહિતના વિવિધ ગામામાં ફરી હતી. જ્યાં ગ્રામજનો દ્વારા આ યાત્રાનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતુ. સાથે સાથે અમૃત કળશમાં ગ્રામજનો દ્વારા ચપટી ચોખા અને માટી એકત્રીત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે કપડવંજ વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલ, ખેડા જિલ્લા ભાજપ સંગઠન મહામંત્રીશ્રી રાજેશભાઈ પટેલ, મંત્રીશ્રી ધૂળસિંહ સોલંકી, કપડવંજ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખશ્રી ગણપતસિંહ રાઠોડ, ખેડા જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના કોષાધ્યક્ષશ્રી રાજેશભાઈ શર્મા આતરસુંબા, કપડવંજ તાલુકા યુવા મોર્ચા પ્રમુખ શ્રી કેતનભાઈ પટેલ, બક્ષીપંચ મોર્ચા પ્રમુખશ્રી બાબુભાઈ પરમાર, મહામંત્રીશ્રી કિરણસિંહ પરમાર, કપડવંજ તાલુકા સરપંચ એસોશિયેશન પ્રમુખશ્રી રૂપસિંહજી, શ્રી નિખિલ પટેલ, શ્રી સુનિલ પંચાલ, શ્રી મોહનભાઈ પરમાર, શ્રી મનિષ પટેલ ઉપરાંત દરેક ગામના સરપંચશ્રીઓ, આગેવાનો, કાર્યકરો, યુવા મોર્ચા અને બક્ષીપંચ મોર્ચાની ટીમ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# ઝાલોદ બસસ્ટેશનની અંદર સ્વચ્છતાનો સંદેશ એક નાટકની ભવાઇ દ્વારા આપવામાં આવ્યો

### સ્વચ્છ રહે બસસ્ટેશન હમારા યહી સંકલ્પ હમારાના સૂત્રને સાર્થક કરવા મુસાફરોને માર્ગદર્શન અપાયું



। ઝાલોદ, તા.૯ ।

ભારત સરકાર દ્વારા ઠેરઠેર સ્વચ્છ ભારત અભિયાન આદરવામાં આવેલ છે. તે અંતર્ગત ઝાલોદ એસ.ટી. ડેપો મેનેજર નિલેશ મુનિયા દ્વારા બસ સ્ટેશનની અંદર આવતા જતા મુસાફરો જ્યાં ત્યાં ગંદકી ન ફેલાવે અને બસ સ્ટેશન વિસ્તાર સ્વચ્છ રહે તે માટે એક નાટક રૂપી ભવાઈ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ નાટક દ્વારા સ્વચ્છતા રાખવાં માટેના સૂચનો આપવામાં આવેલ હતા.

નાટક દ્વારા મુસાફરોને સંદેશ આપવામાં આવેલ હતો કે જ્યાં ત્યાં કચરો ન ફેંકીએ, ગમે ત્યાં પાન ગુટકાની પિચકારી ન મારીએ, જ્યાં ત્યાં ખુલ્લામાં સૌચ ક્રિયા ન કરીએ જેવા સૂચનો નાટક દ્વારા આપવામાં આવેલ હતા. આ નાટક દ્વારા મુસાફરોને સમજાવવાનો પ્રયાસ કરાયો હતો જેથી સહુ મુસાફરો જાગૃત રહી જ્યાં ત્યાં ગંદકી ન કરે અને દરેક મુસાફરો સંકલ્પ લે કે મારું બસસ્ટેશન સ્વચ્છ રહે.

આ પ્રસંગે ઝાલોદ ડેપો મેનેજર નિલેશ મુનિયા અને સ્ટાફ મેમ્બરો દ્વારા નાટક દ્વારા ભવાઈ કરનાર કલાકારોને સમર્થન કરી મુસાફરોને મારું ભારત સ્વચ્છ ભારત અને મારું ગામ અને બસસ્ટેશન સ્વચ્છ રહે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો.

# ઝાલોદ તાલુકાના કાળીમહુડી મુકામે ઇકોકાર અને મોટરસાઇકલ ભટકાતા બાઇક ચાલકનું મોત

। ઝાલોદ, તા.૯ ।

તારીખ ૦૭-૧૦-૨૦૨૩ શનિવારના રોજ આસરે રાત્રીના ૮:૩૦ વાગે કાળી મહુડી મુકામે મારુતિ ઈકો અને મોટર સાયકલ સવાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા બાઈક સવારને લીમડી મુકામે સરકારી હોસ્પિટલમાં લઈ જતા ત્યાં ત્યાં ડોક્ટર દ્વારા બાઈક ચાલકને મૃત જાહેર કરેલ હતો.

તારીખ ૦૭-૧૦-૨૦૨૩ ના રોજ વિજય કસુ ભાભોર લીમડી તરફથી જતાં દાહોદ રોડ પર પોતાના ગામ વસ્તી મુકામે પોતાની મોટરસાયકલ GJ-20-AL-8128 નંબરની લઈ જઈ રહેલ હતા તે દરમિયાન કાળીમહુડી પ્રાથમીક શાળાની નજીક દાહોદ તરફ થી પૂરપાટ આવતી મારુતિ ઈકો જેનો નંબર MP-09-WE-6983 ના ચાલક દ્વારા બેફિકરાઈથી ગાડી ચલાવી બાઈક સવારને અડફેટે લીધો હતો.

જેમાં બાઈક સવાર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં તેમને લીમડી સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતા ત્યાં સરકારી દવાખાનાના ડોક્ટર દ્વારા બાઈક સવારને મૃત જાહેર કરવામાં આવેલ હતો. મૃતકના પરિવારજનો દ્વારા લીમડી પોલિસ મથકે અજાણ્યા ફરાર મારુતિ ઈકો ચાલાક વિરુધ્ધ ગુનો નોંધાવી તપાસની માંગ કરવામાં આવેલ છે.

# ઓપન આદિવાસી એથલેટિક ટુર્નામેન્ટ ગોધરા ખાતે ડુંગરીની લખા ફળિયા પ્રાથમિક શાળા એ ભાગ લીધો







। ઝાલોદ, તા.૯ ।

આજ રોજ ઝાલોદ તાલુ-કાની ડુંગરી પગાર કેન્દ્ર માં આવેલ લાખ ફળિયા પ્રાથમિક શાળા માંથી ચાર વિધાર્થીઓએ ઓપન આદિવાસી એથલેટિક ટુર્નામેન્ટ ગોધરા ખાતે ભાગ લઈ વિજય બન્યા હતા. જે અં-તર્ગત ગોળાફેકમાં છાયાબેન પ્રથમ ક્રમાંકે વિજેતા થયા હતા. જ્યારે કિંજલ બેને બીજો ક્રમાંક પ્રાપ્ત કર્યા હતો. જ્યારે ૨૦૦ મીટર દોડમાં કિંજલબેન પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. આમ બે ગોલ મેડલ અને એક સિલ્વર મેડલ મેળવતા શાળા પરિવાર માં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. આવનાર સમયમાં બંને વિધાર્થિનીઓ નેશનલ કક્ષાએ રમવા જશે.

### ઝાલોદ, લીમડી, સંજેલી, સુખસર, ફતેપુરાના કેમિસ્ટોએ મિટિંગમાં ભાગ લીધો

# ઝાલોદ પ્રાંત કેમિસ્ટ એસોસિએશનની સાધારણ સભા કંબોઇધામ ખાતે યોજાઇ



। પંકજ પંડિત ઝાલોદ, તા.૯ ।

ઝાલોદ પ્રાંત કેમિસ્ટ એસોસીએશનની વાર્ષિક સાધારણ સભાની મીટીંગ ૦૮-૧૦-૨૦૨૩ રવિવારના રોજ સાંજે ચાર વાગે લીમડીના કંબોઈધામ ખાતે યોજાઈ હતી. આ મીટીંગમાં ઝાલોદ પ્રાંત કેમિસ્ટ એસોસિએશન સાથે જોડાયેલ સહુ કેમિસ્ટ જોડાયેલ હતા. ઝાલોદ, લીમડી, સંજેલી, સુખસર, ફતેપુરાના કેમિસ્ટો સાથે પારિવારિક મીટિંગનું આયોજન કરવામાં આવેલ હતું. આ પારિવારિક કેમિસ્ટ મીટિંગની સરુંવાત જોક્સ, ઉખાણા અને એક મિનિટની રમત સાથે કરવામાં આવી હતી જેમાં સહુ ઉપસ્થિત કેમિસ્ટોએ ભાગ લઈ આનંદ લીધો હતો. ત્યારબાદ કેમિસ્ટ એસોસીએશનની સાધારણ સભા યોજાઈ હતી. સભાની સરુંઆત કમ્બોઈધામના ગુરુ ગોવિંદના જયકાર સાથે કરવામાં આવી હતી. આ કેમિસ્ટ મીટીંગમાં દાહોદ જિલ્લા કેમિસ્ટ એસોસીએશનના પ્રમુખ અને મંત્રી ગીરીશ શર્મા, ધવલ શાહ અને ગોધરા પંચમહાલ કેમિસ્ટ એસોસિએશનના મંત્રી ગોપાલ દલાલ વિશેષ મહેમાન તરીકે પધારેલ હતા આ સહુ લોકોનું સ્વાગત ઝાલોદ પ્રાંત કેમિસ્ટ એસોસિએશનના પ્રમુખ ગોરધન પટેલ, ઉપપ્રમુખ ભુપેન્દ્ર પટેલ, મંત્રી કમલેશ અગ્રવાલ, સહમંત્રી




જવાહર અગ્રવાલ તેમજ ઉપસ્થિત કેમિસ્ટો દ્વારા કરવામાં આવ્યું હતું.

આ મીટીંગમાં કેમિસ્ટોને થતી સમસ્યાઓનુ સમાધાન કરવામાં આવ્યું હતું તેમજ આગામી મીટિંગના એજન્ડા તેમજ નવાં આયોજન વિશે સૂચનની આપલે કરવામાં આવી હતી. વિશેષમાં ગુજરાત રાજ્ય કેમિસ્ટ એસોસિએશનના પ્રમુખ જસુ પટેલ દ્વારા મોબાઈલથી વિડિયો કોલ કરી જોડાયા હતા , સહુ કેમિસ્ટો આવી રીતે જ એક જૂટ થઈ સાથ સહકાર આપે તેમજ કેમિસ્ટ એસોસિએશન થી જોડાયેલ સહુ કોઈને કોઈ પણ સહકાર જોઈતો હોય તો આપવાની ખાત્રી આપી હતી. છેલ્લે ઉપસ્થિત સહુ લોકોની આભાર વિધિ મંત્રી કમલેશ અગ્રવાલ દ્વારા કરવામાં આવી હતી અને છેલ્લે સહુ ઉપસ્થિત મેમ્બરોએ સાથે ભોજન કરી મીટિંગનું સમાપન કરવામાં આવ્યું હતું.

### પ્રવાસીઓનું મનોરંજન કરતી SRP પોલીસ બેન્ડ

# SRP પોલીસ બેન્ડની દેશભક્તિ અને શૌર્યની ધૂનથી પ્રવાસીઓના અનુભવને વધુ યાદગાર બનાવશે



। દીપક જગતાપ રાજપીપળા, તા.૯ ।

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આજથી શરૂ થયેલા પોલીસ બેન્ડે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ઉપસ્થિત તમામ દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતાં. જે અંતર્ગત હવેથી પ્રવાસીઓને શનિવાર અને રવિવારના રોજ SRP પોલીસ બેન્ડના સંગીતમય પ્રદર્શનનો આનંદ માણવાની એક સુખદ તક મળી છે.

આ અંગે વાતચિતમાં SOUADTGA ના અધિક કલેક્ટર ગોપાલ બામણીયાએ જણાવ્યુ હતુ કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી આજે વિશ્વ સ્તરીય પ્રવાસન સ્થળ તરીકે જાણીતુ બન્યુ છે ત્યારે ‘‘દેશ-વિદેશથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેવા માટે આવે છે, ત્યારે પોલીસ બેન્ડ દેશભક્તિ અને શૌર્યની ધૂનથી પ્રવાસીઓના અનુભવોને વધુ યાદગાર બનાવશે.’’

આજથી શરૂ થયેલા પોલીસ બેન્ડે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ઉપસ્થિત તમામ દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. પોલીસ બેન્ડના આ શાનદાર લાઈવ



પરફોર્મન્સને જોવા માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પ્રવાસીઓની ભારે ભીડ ઉમટી હતી. નોંધનીય છે કે, પોલીસ બેન્ડ સ્ટેચ્યુ ઓફ યુનિટીના પરિસરમાં દર શનિ-રવિવારે સાંજે ૬:૦૦ થી ૭:૦૦ વાગ્યા સુધી મુલાકાતીઓને મંત્રમુગ્ધ કરશે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેતા પ્રવાસીઓ પોલીસ બેન્ડના લાઈવ સંગીતમય પ્રદર્શનનો આનંદ માણી શકશે. સ્ટેટ રિઝર્વ પોલીસ (SRP) યુનિટના કર્મચારીઓ તેમના સંગીત કૌશલ્યનું પ્રદર્શન કરતા જોવા મળશે, જે ચોક્કસપણે ત્યાં હાજર દરેકને એક સુખદ અનુભવ પ્રદાન કરશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. તમારી પત્ની સાથે પિકનિક પર જવા માટે ખૂબ જ સારો દિવસ. આ બાબત ન માત્ર તમારો મૂજ બદલશે બલ્કે તમારા વચ્ચેની ગેરસમજ ઉકેલવામા પણ મદદ કરશેં.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે પ્રશંસા કરીને તમને અન્યોની ખુશીનો આનંદ લો એવી શક્યતા છે. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધનથી લાભ થવાની શક્યતા છે. ઘરના સુશોભીકરણની સાથે બાળકોની જરૂરિયાતોનું પણ ધ્યાન રાખજો. સુવ્યવસ્થિત હોવા છતાં બાળકો વિનાનું ઘર આત્મા વિનાનું લાગે છે. બાળકો ઘરની ખુશીમાં ચાર ચાંદ લગાડે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. ધનનું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? તમને ખુશ કરે એવી બાબતો કરો, પણ અન્યોના કાર્યવ્યાપથી દૂર રહેવાનો પ્રયાસ કરજો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. ઘરને લગતી તમારી જવાબદારીઓ પૂરી કરવામાં બાળકો તમને મદદ કરશે. તેમની નવરાશના સમયમાં તેમને આવી પ્રવૃત્તિઓ કરવા માટે પ્રોત્સાહિત કરો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને એનેકગણી વધારવાની તમારી ટેવ તમારા નૈતિક તંતુને નબળો પાડી શકે છે. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. પ્રિયપાત્ર સાથે કેન્ડલ લાઈટમાં ભોજન શૅર કરશો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાનનું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિક પણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ?

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. સાચા અને ઉદાર પ્રેમ માટે તમને વળતર મળવાની શક્યતા છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારા નકારાત્મક વિચારો માનસિક બીમારીનું સ્વરૂપ લઈ લે તે પૂર્વે જ તમારે તેમનો નાશ કરવો જોઈએ. તમને સંપૂર્ણ માનસિક સંતોષ આપે એવી કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઈને તમે તેમનાથી મુક્તિ પામી શકો છો. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. તમે ધાર્યા ન હોય એવા સ્થળેથી થનારો આર્થિક લાભ તમારા દિવસને ઝળકાવશે. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો.

## ઈઝયેલ પોલીસ ફોર્સ હતી અને અમે સુરક્ષિત જગ્યા પર આવ્યા

૭મી ઓક્ટોબરના રોજ પેલિસ્ટાઈન્ટના મિલિટન્ટ ગ્રુપ હમાસ દ્વારા અચાનક ગાઝા સ્ટ્રીપ પાસે ઈઝરાયેલ પર હુમલો કરી દીધો હતો, આવામાં ઈઝરાયેલમાં રહેલા ભારતીય વિદ્યાર્થીઓમાં 'ચિંતા અને ડર'નો માહોલ છવાઈ ગયો છે. વિદ્યાર્થી પરદેશમાં હોય અને આવી ગંભીર સ્થિતિનું નિર્માણ થાય ત્યારે તેમના પર કેટલીક મુશ્કેલીઓ આવી પડતી હોય છે. પરંતુ અગાઉ જે રીતે રશિયા અને યુક્રેન દરમિયાન થયું ત્યારે ભારતીય વિદ્યાર્થીઓને સુરક્ષિત રીતે ભારત લાવવામાં આવ્યા હતા તે બાદ હવે આ સ્થિતિમાં ભારતીય વિદ્યાર્થીઓ ભારતની એમ્બેસીના સંપર્કમાં હોવાનું જણાવી રહ્યા છે. ગોકુ માનાવલણે જણાવ્યું કે, તેમનામાં ચિંતા અને ડરનો માહોલ છે પરંતુ તેઓ ઈન્ડિયન એમ્બેસીના સંપર્કમાં છે. વિદ્યાર્થ ગોકુએ વધુમાં જણાવ્યું કે, "હું ઘણો જ નર્વસ અને ડરેલો છું.. સારું છે કે અમારી આસપાસ જ ઈઝયેલ પોલીસ ફોર્સ હતી અને અમે સુરક્ષિત જગ્યા પર આવ્યા છીએ. હાલ અમે સુરક્ષિત છીએ.. અમે ભારતીય એમ્બેસીના લોકો સાથે સતત સંપર્કમાં રહીએ છીએ, અમારી આસપાસ ભારતીય સમાજ છે અને અમે તેમની સાથે સતત સંપર્કમાં છીએ. અન્ય ભારતીય વિદ્યાર્થી વિમલ ક્રિષ્નાસમ્ય મણિવન્નન ચિત્રા જણાવે છે કે, હમાસ મિલિટન્ટનો હુમલો ઘણો જ 'ભયાનક અને ડરામણો' હતો, તેમણે કહ્યું કે તેઓ ભારતીય એમ્બેસીના સંપર્કમાં છે, અને તેમની દરકાર લેવામાં આવી રહી છે. વધુ એક ભારતીય વિદ્યાર્થી આદિત્ય કરુણાનીથી નિવેદિતાએ ન્યૂઝ એજન્સી સાથે વાત કરીને જણાવ્યું છે કે, "..આ બધું એટલું ઝડપથી થયું કે અમે વિચાર્યું પણ નહોતું, કારણ કે ઈઝરાયેલમાં ધાર્મિક રજાઓ ચાલી રહી છે." કરુણાનીથી કહે છે કે, "અમે વહેલી સવારમાં ૫.૩૦ વાગ્યે સાયરન સાંભળ્યું હતું.અમે સાયરન બંધ ન થયું ત્યાં સુધી ૭-૮ કલાક બંકરમાં રહ્યા હતા. અમને ઘરની અંદર જ રહેવાની સૂચના આપવામાં આવી છે. અમે સતત ભારતીય એમ્બેસીના સંપર્કમાં છીએ અને તેઓ જે કોઈ અપ ડેટ્સ હશે તે અંગે અમને માહિતી આપશે. હમાસના હુમલામાં ઈઝરાયેલમાં લગભગ ૧,૧૦૦ જેટલા લોકોના મોત થઈ ગયા છે, જેમાંથી ૨૬૦ લોકોના મૃતદેહ મળી આવ્યા છે.



# ગાઝામાં પેલેસ્ટાઇનના ૧.૨૩ લાખ લોકો બેઘર થઈ ગયા

## પેલેસ્ટિનિયન અધિકારીઓનું કહેવું છે કે ગાઝામાં ૩૦૦થી વધુ લોકો માર્યા ગયા છે, તેમાં લડવૈયાઓ અને નાગરિકો વચ્ચે ભેદનો ભેદ સામે આવ્યો નથી

। નવી દિલ્હી, તા.૯ ।

આતંકવાદી જૂથ હમાસ દ્વારા અચાનક હુમલા બાદ ઈઝરાયેલમાં મૃત્યુઆંક ૬૦૦ને પાર કરી ગયો છે. ઘણા ઈઝરાયેલ મીડિયા આઉટલેટ્સે આ અપડેટ આપ્યું છે. કોન પબ્લિક બ્રોડકાસ્ટર, ચેનલ ૧૨, હારેટ્ઝ અને ટાઈમ્સ ઑફ ઈઝરાયેલ દ્વારા રવિવારે મૃત્યુની આ સંખ્યાની જાણ કરવામાં આવી હતી. તે જાણીતું છે કે શનિવારે વહેલી શરૂ થયેલી લડાઈ પછી, મૃત્યુની સંખ્યા પર ઈઝરાયેલ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. પેલેસ્ટિનિયન અધિકારીઓનું કહેવું છે કે ગાઝામાં ૩૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે. જો કે, તેમાં લડવૈયાઓ અને નાગરિકો વચ્ચે ભેદનો ભેદ સામે આવ્યો નથી. અહેવાલ મુજબ ઈઝરાયલે પણ જવાબી કાર્યવાહીમાં હમાસના આતંકવાદીઓ પર તબાહી મચાવી દીધી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ઈઝરાયેલે હમાસ વિરુદ્ધ પોતાની ટેક્ક ઉતારી દીધી છે. આ ટેક્કોને દક્ષિણના વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી છે. ઈઝરાયલી સૈન્યએ વિવાદિત વિસ્તારમાં હિઝબુલ્લાહના સ્થાનો પર પણ ડ્રોન હુમલા શરૂ કરીને બદલો લીધો છે. આ વિસ્તાર ઈઝરાયલ, લેબનોન અને સીરિયા સાથે જોડાયેલો છે.

ઈઝરાયેલના એક અધિકારીએ જણાવ્યું કે સેનાએ ૪૦૦ આતંકીઓને ઠાર કર્યા છે અને ઘણા આતંકીઓને પકડી લેવામાં આવ્યા છે. ઈઝરાયેલી સેનાએ કહ્યું કે તેણે ગાઝામાં ૪૨૬ લક્ષ્યો પર હુમલો કર્યો અને મોટા વિસ્ફોટો સાથે ઘણી રહેણાંક ઈમારતોને નષ્ટ કરી દીધી. આ રીતે ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધમાં ૨ દિવસમાં ૧૦૦૦ લોકોના મોત થયા છે અને સ્થિતિ વણસી રહી છે. યુનાઈટેડ નેશન્સે અહેવાલ આપ્યો છે કે ઈઝરાયેલના હવાઈ હુમલાના કારણે ગાઝામાં પેલેસ્ટાઈનના ૧,૨૩,૦૦૦ લોકો બેઘર થઈ ગયા છે. લગભગ ૭૪ હજાર લોકોએ સ્કૂલોમાં આશરો લીધો છે. હમાસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું છે કે જૂથે ૧૦૦થી વધુ લોકોને બંધક બનાવ્યા છે. આમાં ઈઝરાયેલ સેનાના કેટલાક વરિષ્ઠ અધિકારીઓ પણ સામેલ છે. ઈરાનનું ટોચનું નેતૃત્વ હમાસને સતત સમર્થન આપી રહ્યું છે. રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રાઈસીએ હમાસના હુમલાને પેલેસ્ટાઈનના સૈનિકો અને પેલેસ્ટાઈનના જૂથોની જીત ગણાવી છે. વિદેશ મંત્રી હુસૈન અમીર-અબ્દુલ-અહ્યાને ઈઝરાયેલ-ગાઝામાં થઈ રહેલી હિંસાને વર્ષોથી ચાલી રહેલા અત્યાચાર અને અપરાધોની પ્રતિક્રિયા તરીકે ગણાવી છે. ઈઝરાયલ ડિફેન્સ ફોર્સએ કહ્યું છે કે તેણે હમાસના મુખ્ય સ્થાનો પર બોમ્બમારો કર્યો છે. આમાં જબાલિયા વિસ્તારમાં એક ધાર્મિક સ્થળનો પણ સમાવેશ થાય છે, જેનો ઉપયોગ હમાસ લડવૈયાઓ કરી રહ્યા હતા. હમાસની નૌકાદળ સાથે સંકળાયેલા મોહમ્મદ કાશતાની એક ઈમારત પણ ધ્વસ્ત થઈ ગઈ છે. ઈઝરાયેલ પર હુમલા બાદ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે ઈમરજન્સી બેઠક યોજી હતી. યુનાઈટેડ નેશન્સે તેની વેબસાઈટ પર જાહેરાત કરી છે કે યુએન સિક્યુરિટી કાઉન્સિલ ૮ ઓક્ટોબરે મધ્ય પૂર્વની સ્થિતિ પર બંધ બારણે ઈમરજન્સી બેઠક યોજશે.




**હમાસે સેનાને નિશાન બનાવ્યું નથી પરંતુ નાગરિકોને નિશાન બનાવ્યા છે, બાળકો, મહિલાઓ અને વૃદ્ધોને પણ બક્ષ્યા નથી**

## આ અમારા માટે ૯/૧૧ જેવું છે, અમે છોડીશું નહીં

ઈઝરાયેલ-હમાસ યુદ્ધના બીજા દિવસે રવિવારે (૮ ઓક્ટોબર) ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સએ કહ્યું કે ઈઝરાયેલ પર હમાસનો હુમલો ૯/૧૧ જેવો છે, પરંતુ તેનાથી પણ મોટો છે. ઓછામાં ઓછા ૨૨ મોરચે હમાસના લડવૈયાઓ સામે લડી રહેલી ઈઝરાયેલી સેનાએ કહ્યું છે કે છેલ્લા ૨૪ કલાક ખૂબ જ મુશ્કેલ હતા કારણ કે શનિવારે (૭ ઓક્ટોબર)ના રોજ હમાસના હુમલા બાદ અભૂતપૂર્વ ઘટનાઓ પ્રકાશમાં આવી હતી. રિચાર્ડ હેચટે કહ્યું કે આ ઈઝરાયેલ પર ૯/૧૧નો હુમલો છે અથવા તો તેનાથી પણ મોટો હુમલો છે. પ્રવક્તાએ કહ્યું, "એક રીતે, આ અમારા માટે ૯/૧૧ અને તેથી વધુ છે. આ કોઈ બિલ્ડિંગને અથડાવાની ઘટના નથી, પરંતુ ગાઝા પટ્ટીના વિનાશની, બાળકોની, તેમના દાદા-દાદીની પણ ક્રૂર હત્યા છે. આ હૃદયદ્રાવક અને અભૂતપૂર્વ ઘટના. તેણે હમાસને પરિણામ ભોગવવાની ચેતવણી આપી અને કહ્યું, અમે આનો ખૂબ જ ગંભીરતાથી જવાબ આપવા જઈ રહ્યા છીએ. આવા હુમલાઓ આંતરરાષ્ટ્રીય કાયદાની વિરુદ્ધ છે. જે રીતે બાળકો પર ક્રૂરતા થાય છે તે ઈસ્લામ વિરુદ્ધ છે. લેબનીઝ ઉગ્રવાદી સંગઠન હિઝબુલ્લાહને ચેતવણી આપતા રિચર્ડે કહ્યું, મને આશા છે કે હિઝબુલ્લાહ અને ઈરાન આમાં સામેલ થવાની ભૂલ નહીં કરે. કારણ કે અમે અમારી પૂરી તાકાત સાથે તૈયાર છીએ. હમાસના લડવૈયાઓના ભયાનક અમાનવીય કૃત્યોનો ઉલ્લેખ કરતા રિચર્ડે કહ્યું કે, અમે વર્ષોથી હમાસ વિશે વાત કરી રહ્યા છીએ કે તેઓ કોણ છે અને તેઓ શું ઈચ્છે છે. તેમનો ઉદ્દેશ્ય આપણા દેશનો વિનાશ છે. ગઈકાલે બધાને ખબર પડી કે તેઓ કોણ છે. તેઓએ જમીન, હવા અને સમુદ્ર દ્વારા અમારા પર હુમલો કર્યો. તેઓ સૈન્ય લક્ષ્યો પર હુમલો કરવા ગયા ન હતા પરંતુ નિર્દોષ નાગરિકોને નિશાન બનાવ્યા હતા. બાળકો, શિશુઓ, દાદીમા... કોઈને છોડવામાં આવ્યાં ન હતાં.

**વિશેષ**

**માનવજાતિનું અસ્તિત્વ ટકાવી રાખવા વન્યપ્રાણીઓ, જંગલો અને વનસંપદાની કાળજી રાખવી અનિવાર્ય**

# સુરત જિલ્લામાં ૧૦૪ દીપડા, પક્ષીઓની ૨૩૬ પ્રજાતિઓ અને વૃક્ષોની ૧૨૬ પ્રજાતિઓ : દીપડાઓની સંખ્યામાં ૧૪૫ ટકાનો વધારો નોંધાયો

પર્યાવરણ જાળવણી માટે વૃક્ષો, વનોની સાથોસાથ વન્ય જીવોનું રક્ષણ પણ ખુબ જરૂરી છે. એટલે જ ભારતમાં વર્ષ ૧૯૫૫થી દર વર્ષે અહિંસાના પૂજારી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતીથી દર વર્ષે તા.૨ થી ૮ ઓક્ટોબર દરમિયાન 'વન્ય પ્રાણી સપ્તાહ' ઉજવવામાં આવે છે. જેમાં વન વિભાગ સહિત વન્ય પ્રાણીઓના રક્ષણ માટે કાર્યરત **NGO** અને શૈક્ષણિક સંસ્થાઓ ઉત્સાહભેર જોડાય છે. વનવિભાગ દ્વારા વનકર્મીઓ, પ્રકૃત્તિ સંરક્ષકો અને જાગૃત્ત નાગરિકોને તાલીમ આપવાની સાથોસાથ તેમની સારી કામગીરી માટે સન્માનિત પણ કરવામાં આવે છે. ગુજરાતમાં તા.૨ થી ૮ ઓકટોબર દરમિયાન તમામ ૩૩ જિલ્લા અને ૨૫૦ તાલુકાઓમાં 'વન્ય પ્રાણી સપ્તાહ'ની વિવિધ રીતે ઉજવણી થઈ રહી છે. સ્વચ્છ ભારત અભિયાનના ભાગરૂપે ગુજરાતના તમામ અભયારણ્ય-રાષ્ટ્રીય ઉદ્યાનોના વિસ્તારોને ૧૦૦ ટકા પ્લાસ્ટિક ફ્રી બનાવવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

ભારતમાં વનસંપદા અને વન્યજીવ સંરક્ષણ માટે ભારતના કુલ જમીની ક્ષેત્રફળનો ૪.૭ ટકા વિસ્તાર વન્યજીવો માટે સુરક્ષિત વિસ્તાર **(Wildlife Protected Area)** જાહેર કરાયો છે. વિશ્વમાં એકમાત્ર ગુજરાતના જંગલોમાં એશિયાઈ સિંહ **(Asiatic Lion)** અને ભારતીય ઘુડખર **(indian wild ass)** વિશ્વમાં એકમાત્ર ગુજરાતમાં જોવા મળે છે.

મુખ્ય વન સંરક્ષક ડો.કે.શશીકુમારે જણાવ્યું હતું કે, સુરત જિલ્લામાં ૫૦,૦૦૦ હેકટર વન વિસ્તાર આવેલો છે. જેમાં ડુમસ, મહુવા, માંડવી, માંગરોળ





અને ઉમરપાડા વિસ્તારના જંગલ વિસ્તારનો સમાવેશ થાય છે. આ વન વિસ્તારમાં દીપડા, શિયાળ, હરણ, જંગલી બિલાડી, ઝરખ, વણીયર, વરૂ, રોઝ, ચોશિંગા, ભેંકર જેવા જુદી-જુદી પ્રજાતિઓના પ્રાણીઓ વસે છે.

વરૂ, જંગલી બિલાડી, ઝરખ, વણીયર એમ આ ચાર પ્રજાતિઓના પ્રાણીઓની સંખ્યા ૭૨૦ છે, ઉપરાંત, રોઝ, ચોશિંગા અને ભેંકરની કુલ સંખ્યા ૧૬૫૨ છે. ૨૦૧૮થી ૨૦૨૩ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતમાં દીપડાની સંખ્યામાં નોંધનીય ૬૩ ટકાના વધારો થયો છે. અગાઉ સુરત જિલ્લામાં ૨૦૧૮માં ૪૦ દીપડા હતા, પરંતુ વન્યપ્રાણીઓના સંરક્ષણ સંવર્ધનની કામગીરીને કારણે વધીને ૨૦૨૩માં ૧૦૪ દીપડા નોંધાયા છે, એટલે કે દીપડાની વસ્તીમાં ૧૪૫ ટકાનો વધારો થયો છે. સુરત જિલ્લામાં પક્ષીઓની ૨૩૬ પ્રજાતિઓ અને વૃક્ષોની ૧૨૬ પ્રજાતિઓ જોવા મળે છે. રાજ્ય સરકારની ૧૯૬૨ કરૂણા એમ્બ્યુલન્સ સેવા ઘાયલ પક્ષીઓની સારવાર આપે છે, તથા વાઈલ્ડ લાઈફ હેલ્પલાઈન નં. ૮૩૨૦૦૦૨૦૦૦ ઉપર વોટ્સએપ મેસેજ કરી સારવાર કેન્દ્રની વિગત મેળવી શકાય છે એમ ડો.શશીકુમારે જણાવ્યું હતું.

### જન-જનને જીવાડવા માટે જંગલો અને તેની સંપદાને જીવાડવી અનિવાર્ય

સ્વતંત્રતા પછી તુરંતના વર્ષોમાં કેન્દ્ર સરકારે અમૂલ્ય વન પ્રાણી સંપદાના રક્ષણ માટે કેટલીક જોગવાઈઓ અને વ્યવસ્થાઓ કરી. ત્યારથી વન્ય પ્રાણીઓના રક્ષણમાં લોકોને જોડવા અને સમુદાયોમાં તેમની જાળવણીની જાગૃતિ વ્યાપક બનાવવા વન્ય પ્રાણી સપ્તાહ ઉજવાય છે. જ્યારે યુનોના ઠરાવ થી ૩ જી માર્ચના રોજ વન્ય પ્રાણી સંરક્ષણ દિવસ ઉજવવામાં આવે છે.

એક અંદાજ પ્રમાણે જંગલો અને તેની આસપાસના વિસ્તારોમાં ૨૫૦ થી ત્રણસો મિલિયન (૨૫ થી ત્રીસ કરોડ) લોકો રહે છે. જેઓના ખોરાક, રહેઠાણ, ઊર્જા અને ઔષધિઓ જેવી જરૂરિયાતો જંગલ પૂરી કરે છે. જંગલો, તેના નિવાસીઓ અને આસપાસના નિવાસીઓ માટે રોજીરોટીનો સ્રોત છે. એટલે જંગલો અને તેની ફ્લોરા ફાઉના એટલે કે વનસ્પતિ અને પ્રાણી વિવિધતા સાચવી અને વધારીને લોકોને અને ધરતીને ટકાવી શકાશે. વનનિર્ભર એવા આ નાગરિકો અને પ્રાણીઓના કલ્યાણ માટે જંગલો અને જંગલ જીવોને સાચવવા જ પડશે. એટલે જ જંગલ અને જંગલ જીવોને આબાદ રાખવા એ દયા નથી, પણ માનવજાતને જીવતી રાખવાનો વ્યાયામ છે. જન-જનને જીવાડવા માટે જંગલો અને તેની સંપદાને જીવાડવી અનિવાર્ય છે.

વન્ય પ્રાણીઓ પ્રકૃતિનું અભિન્ન અંગ છે. તેમના અસ્તિત્વને ટકાવી રાખવા અને દુર્લભ પ્રાણીઓ પ્રત્યે માનવજાતમાં દયાભાવ અને લાગણી ઉભી થાય, પ્રાણી તથા માનવ વચ્ચે રહેલા નૈસર્ગિક સેતુને અતૂટ રાખી લુપ્ત થતા તેમજ અન્ય તમામ વન્યપ્રાણીઓને બચાવવા વનવિભાગને મદદરૂપ થવું એ સભ્ય નાગરિક તરીકે આપણી ફરજ છે.

### આપણે વન્યજીવોના રક્ષણમાં કઈ રીતે મદદરૂપ થઈ શકીએ?

રાત્રિના સમયે તમામ રસ્તા તથા ખાસ કરીને જે જંગલ વચ્ચેના રસ્તાઓ પરથી પસાર થઈએ ત્યારે વાહન ધીમુ ચલાવવું જોઈએ.

ખેતરોમાં ખુલ્લા વીજ કરંટ ન મુકીએ. આ દંડનીય અપરાધ છે. ખુલ્લા કુવાઓ કરતે પેરાકીટ વોલ કે કેન્સીંગ કરીએ.

વન્યપ્રાણીઓ બાબતની ખોટી અફવાઓ અને અંધશ્રધ્ધાથી બચવું.

આપણી આસપાસ સીમ-વગડા કે બૃહદ ગીરમાં વસવાટ કરતા શિકારી કે તૃણાહારી વન્યજીવોને હેરાન પરેશાન ન કરીએ. તેના રોજિંદા જીવનમાં ખલેલ ઊભી ન કરીએ. તેમના વ્યવહાર અને સ્વભાવને સમજીએ.

વન્ય પ્રાણીને દોડાવવું, હેરાન કરવું, ચીડાવવું, ઈજા કરવી કે મારવું, વન્યપ્રાણીઓને ખોરાક આપીને લલચાવવું, પાળવું કે પાસે બોલાવવું એ પણ એ વન્યજીવ સંરક્ષણ ધારા ૧૯૭૨ ની કલમ -૯ મુજબ ગુનો બને છે. આ બાબતે ધ્યાન રાખીએ.

વન્યપ્રાણીઓના રહેઠાણ અને વસવાટને બચાવીએ.

આપણી આજબાજુ વન્યજીવો કે તેના અંગોનો વેપાર થતો જોવા મળે તો વન વિભાગને જાણ કરી જાગૃત નાગરિક તરીકેની કરજ બજાવીએ (બાતમી આપનારનું નામ ગોપનીય રાખવામાં આવે છે).

સરિસૃપ વર્ગના પ્રાણીઓ જેવા કે સાપ, ઘો વગેરે ખેડૂતના મિત્રો છે, તેને બચાવીએ.

કોઈ વન્યપ્રાણી ઈજાગ્રસ્ત જણાય તો તુરંત વન વિભાગનો સંપર્ક કરવો જોઈએ.

વન વિભાગ દ્વારા ચલાવવામાં આવતા જાગૃત્તિ કાર્યક્રમો, વન્યપ્રાણી સપ્તાહ, કરૂણા અભિયાન વગેરેમાં હોંશભેર જોડાઈએ.




વેજલપુર રજવાડુમાં પનગટ ગરબા સંસ્થા દ્વારા ગરબાની પ્રેક્ટીસ કરી અને વિવિધ પદ્ધતિ પ્રમાણે ગરબા રમાયા હતા.

# રાજસ્થાન હોસ્પિટલમાં ફાયર સેફ્ટીના અભાવે તંત્રએ નોટિસ ફટકારી

## હોસ્પિટલનાં બેઝમેન્ટમાં આગ લાગ્યા બાદ ફાયર વિભાગ દ્વારા હોસ્પિટલને સૂચના પ્રમાણે સાધનો લગાવવા નોટિસ ફટકારી હતી

। અમદાવાદ, તા.૯ ।

અમદાવાદની રાજસ્થાન હોસ્પિટલ ફરી વિવાદમાં આવવા પામી છે. હોસ્પિટલનાં બેઝમેન્ટમાં આગ લાગ્યા બાદ ફાયર વિભાગ દ્વારા હોસ્પિટલને સૂચના પ્રમાણે સાધનો લગાવવા નોટિસ ફટકારી હતી. જેને આજે બે મહિનાં જેટલો લાંબો સમય વીતી જવા છતાં પણ હોસ્પિટલ દ્વારા કોઈ પણ જાતની સૂચનાનું પાલન ન કરી બેઝમેન્ટમાં કોઈ સેફ્ટી સાધનો ન લગાવાતા ફાયર વિભાગ દ્વારા નોટીસ ફટકારી હતી. તેમજ હોસ્પિટલની ૪૫ દિવસની ફાયર ઍંઝ પૂર્ણ થયા બાદ પણ હોસ્પિટલ દ્વારા ફાયર ઍંઝ લેવાઈ નથી. ત્યારે હોસ્પિટલની બેદરકારીને લઈ ફાયર વિભાગ દ્વારા હોસ્પિટલ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી શકે તેવી શક્યતાઓ છે.

અમદાવાદનાં શાહીબાગ ખાતે આવેલી રાજસ્થાન હોસ્પિટલનાં બેઝમેન્ટમાં શોર્ટ સર્કીટનાં કારણે આગ લાગી હતી. જેમાં બેઝમેન્ટમાં લાગેલ આગને કારણે કોઈ મોટી જાનહાનિ થવા પામી ન હતી. પરંતુ ધૂમાડાનાં કારણે હોસ્પિટલમાં અફરાતફરી મચી જવા પામી હતી. આ ઘટનાં બાદ બેઝમેન્ટમાં ફાયર વિભાગની સૂચનાં મુજબ સેફ્ટીનાં સાધનો મુકવામાં આવ્યા નથી. જેને લઈ ફાયર વિભાગ દ્વારા હોસ્પિટલને નોટીસ ફટકારી હતી. બેઝમેન્ટમાં ફાયર વિભાગની સૂચના પ્રમાણે સાધનો મુકાતા બેઝમેન્ટ બહાર વાહન પાર્કિંગ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. થોડા સમય અગાઉ જ આગની ઘટના બની હોવા છતાં હોસ્પિટલ તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. ત્યારે ફાયર વિભાગ દ્વારા ૭ દિવસમાં સૂચના મુજબની કામગીરી પૂર્ણ કરવા નોટિસ ફટકારી છે. બે મહિનાં પહેલા એટલે કે ૩૦ જુલાઈનાં રોજ અમદાવાદની રાજસ્થાન હોસ્પિટલમાં ભીષણ આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. હોસ્પિટલનાં બેઝમેન્ટમાં આગ લાગતા ફાયર વિભાગની ૨૯ ગાડીઓ ઘટના સ્થળે પહોંચી આગ બુજાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અમદાવાદ પૂર્વના ટ્રાફિક DCP સહિતના તમામ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી યુદ્ધનાં ધોરણે બચાવ કામગીરી હાથ ધરી હતી. હોસ્પિટલના બેઝમેન્ટમાં આગ લાગી હોવાથી બેઝમેન્ટમાં પાર્ક કરેલા વાહનો બળીને ખાખ થઈ ગયા છે. આગને કાબૂમાં લેવા માટે રોબોટની મદદ લેવામાં આવી રહી છે. ઓક્સિજનના સાધન સાથે કર્મચારીઓ આગ ઓલવવા માટે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

### કલોલના મનિષ પટેલ સામે ફરિયાદ

# વિદેશમાં નોકરીની લાલચ આપીને છેતરપિંડી આચરવામાં આવી હતી

## મહિનાઓ વિતવા છતાં વિદેશ જવા માટે કોઈ અણસાર નહીં જોવા મળતા છેતરપિંડી થયાનો અહેસાસ થતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી


। બનાસકાંઠા, તા.૯ ।

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર વિસ્તારમાં બેચરપુરા વિસ્તારના અનિરુદ્ધ પંચાલને વિદેશમાં નોંકરીની લાલચ આપીને છેતરપિંડી આચરવામાં આવી હતી. વિદેશમાં ઉંચા પગારે એટલે કે ૩૫ થી ૪૦ લાખ રુપિયાની નોકરી અપાવવાની વાત કરીને પોતાની જાળમાં કલોલના મનીષ હરગોવિંદ પટેલે ફસાવ્યા હતા. આ માટે ૯ લાખ ૬૦ હજાર રુપિયાની રકમ મેળવી લીધી હતી. ત્યાર બાદ મહિનાઓ વિતવા છતાં વિદેશ જવા માટે કોઈ અણસાર નહીં જોવા મળતા છેતરપિંડી થયાનો અહેસાસ થતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. વિદેશમાં નોકરીની લાલચ આપીને છેતરપિંડી આચર્યાનો કિસ્સો સામે આવ્યો છે. બનાસકાંઠા જિલ્લાના પાલનપુર વિસ્તારમાં બેચરપુરા વિસ્તારના અનિરુદ્ધ પંચાલને વિદેશમાં નોંકરીની લાલચ આપીને છેતરપિંડી આચરવામાં આવી હતી. વિદેશમાં ઉંચા પગારે એટલે કે ૩૫ થી ૪૦ લાખ રુપિયાની નોકરી અપાવવાની વાત કરીને પોતાની જાળમાં કલોલના મનીષ હરગોવિંદ પટેલે ફસાવ્યા હતા. આ માટે ૯ લાખ ૬૦ હજાર રુપિયાની રકમ મેળવી લીધી હતી. ત્યાર બાદ મહિનાઓ વિતવા છતાં વિદેશ જવા માટે કોઈ અણસાર નહીં જોવા મળતા છેતરપિંડી થયાનો અહેસાસ થતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

# દાહોદ જિલ્લાના કતવારા મુકામેથી નકલી નોટ સાથે બે આરોપીને પકડી પાડતી દાહોદ એસ.ઓ.જી શાખા

। પંકજ પંડિત ઝાલોદ, તા.૯ ।

દાહોદ જિલ્લા પોલિસ અધિક્ષક ડૉ રાજદીપસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ ગુનાહિત પ્રવૃત્તિ કરનારા પર સતત વોચ રાખી ઝડપી પાડવાનાની કામગીરી દાહોદ એસ.ઓ.જી પોલીસને સોપેલ હતી. તે અન્વયે દાહોદ એસ.ઓ.જી શાખાના પો.ઈ એસ.એમ.ગામેતીને અંગત બાતમી મળેલ હતી કે બે ઈસમો ભારતીય ચલણની નકલી નોટો લઈ ફરી રહેલ છે આ બાતમીને આધારે દાહોદ એસ.ઓ.જી પોલિસ દ્વારા કતવારા મુકામે વોચ ગોઠવી બાતમી વાળા ઈસમો આવતા બે ઈસમોને ઝડપી પાડવામાં આવેલ હતા. આ બંને ઈસમો કમલેશ ટીટુ સંગાડા (ઈટાવા, દાહોદ) અને મંગળીયા મનુ ડામોર (તરવાડીયાવજા, દાહોદ) પાસેથી ૫૦૦ ના દરની ભારતીય બનાવટની કલર ઝેરોક્ષ ૧૦૧૫ નંગ નકલી



નોટો ઝડપી પાડી હતી જેની કિમત આસરે ૫૦૭૫૦૦ રૂપિયા છે. આ ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા બે અન્ય ઈસમો ફરાર છે જે શૈલેષ માનસીંગ વહોનીયા (સારમારીયા, ઝાલોદ), હિમસીંગ નરસુ ગણાવા (નાની ખરજ, દાહોદ) જેમને પકડવાના ચક્રો દાહોદ એસ.ઓ.જી પોલિસ દ્વારા કરવામાં આવેલ છે. આમ દાહોદ એસ.ઓ.જી ના પો.ઈ એસ.એમ. ગામીતે દ્વારા સ્ટાફને સાથે રાખી ગુનેગારોને ઝડપી પાડવામાં સફળતા મેળવેલ છે.

## ન્યૂઝ બ્રિફ

### પાટણ જિલ્લામાં નર્મદાની કેનાલમાં ઠેર ઠેર ગાબડા પડ્યા

। પાટણ, તા.૯ ।

પાટણ જિલ્લામાં નર્મદાની કેનાલમાં ઠેર ઠેર ગાબડા પડ્યા છે. કચ્છ બ્રાન્ચ કેનાલમાં માત્ર એકાદ બે નહીં અનેક ગાબડાઓ જોવા મળી રહ્યા છે. નર્મદા કેનાલમાં કેટલી હદે ભ્રષ્ટાચાર થયો છે તેના બોલતા પૂરાવા સામે આવ્યા છે. એક બે નહીં પરંતુ ૧૫૦ ફુટ લાંબા ગાબડા પડ્યા હોવાના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. હાલ તો નર્મદા કેનાલની સ્થિતિ જોવામાં આવે તો, નર્મદામાંથી વધારે પાણી છોડવામાં આવે તો આસપાસના ગામની સ્થિતિ કપરી બની જાય એવી ભીતી જોવા મળી રહી છે. રાજ્ય સરકારે કરોડો અબજો રુપિયા ખર્ચીને કેનાલના મોટા નેટવર્ક સ્થાપ્યા છે. પરંતુ આશિર્વાદ રુપ સાબિત થવાને બદલે કેનાલ ખેડૂતોને માટે વધારે ચિંતા ઉપજાવી રહી છે. નર્મદા કેનાલની સ્થિતિ પણ કંઈક આવી જ પાટણ વિસ્તારમાં જોવા મળી રહી છે. પાટણ જિલ્લામાં નર્મદાની કેનાલમાં ઠેર ઠેર ગાબડા પડ્યા છે. કચ્છ બ્રાન્ચ કેનાલમાં માત્ર એકાદ બે નહીં અનેક ગાબડાઓ જોવા મળી રહ્યા છે.

### તાલાળામાં વાડલા સેવા સહકારી મંડળીમાં ૬ કરોડનું કૌભાંડ સામે આવ્યું

। ગીરસોમનાથ, તા.૯ ।

ગીરસોમનાથના તાલાળામાં આવેલી વાડલા સેવા સહકારી મંડળીમાં ૬ કરોડનું કૌભાંડ સામે આવ્યુ છે. આ કૌભાંડમાં મંડળીના જ સદસ્યો સામેલ હોવાનુ સામે આવ્યુ છે. જેમા મંડળીના ત્રણેય સંચાલકોએ કૌભાંડ આચર્યુ છે. સભાસદોની જાણ બહાર રેકોર્ડમાં છેડછાડ કરી ૬ કરોડની ઉચાપત કરી હોવાનુ સામે આવ્યુ છે. ગીર સોમનાથના તાલાલામાં આવેલી વાડલા સેવા સહકારી મંડળીમાં ૬ કરોડનું કૌભાંડ સામે આવ્યું છે. સહકારી મંડળીના સંચાલકોએ જ આ કૌભાંડ આચર્યુ છે. જેમાં મંડળીના પ્રમુખ ભીખા અજુડિયા, મડળીના મંત્રી પ્રફુલ અજુડિયા અને ત્નદ્બઝ બેંકના મેનેજર મેરામણ બામરોટિયા સામેલ છે. ત્રણેય સંચાલકોએ મંડળીના અનેક સભાસદોની જાણ બહાર રેકોર્ડમાં છેડછાડ કરી. અને ૬ કરોડ રૂપિયાની ઉઠાંતરી કરી લીધી.

### બનાસકાંઠા જિલ્લાના થરાદ નજીક બે ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો

। બનાસકાંઠા, તા.૯ ।

બનાસકાંઠા જિલ્લાના થરાદ નજીક બે ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. થરાદના ખોડા ચેકપોસ્ટ નજીક આ ઘટના સર્જાઈ હતી. બે ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયા બાદ બંને ટ્રક આગમાં લપેટાઈ ગઈ હતી. આગમાં બે વ્યક્તિઓના મોત નિપજ્યા હોવાના સમાચાર છે. ઘટનાને પગલે સ્થાનિક થરાદ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. બનાસકાંઠા જિલ્લાના થરાદ નજીક બે ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. થરાદના ખોડા ચેકપોસ્ટ નજીક આ ઘટના સર્જાઈ હતી. બે ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયા બાદ બંને ટ્રક આગમાં લપેટાઈ ગઈ હતી. આગમાં બે વ્યક્તિઓના મોત નિપજ્યા હોવાના સમાચાર છે. ઘટનાને પગલે સ્થાનિક થરાદ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી.

# મંડળ રેલવે મેનેજર અમદાવાદએ રેલવે સંરક્ષામાં ઉત્કૃષ્ટ કામ કરનારા ચાર કર્મચારીઓને કર્યા સન્માનિત



। અમદાવાદ, તા.૯ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ ઉપર મંડળ રેલવે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માએ મંડળના ચાર રેલવે કર્મચારીઓને સુરક્ષિત ટ્રેન પરિચાલનમાં ઉત્કૃષ્ટ કામ અમલીકરણ માટે સન્માનિત કર્યા. આ રેલવે કર્મચારીઓને ફરજ દરમિયાન તેમની સભાનતા અને સતર્કતાને કારણે અમંગળ ઘટનાઓને અટકાવવામાં તેમના યોગદાન માટે પ્રમાણ-પત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા.

સિનિયર મંડળ સંરક્ષા અધિકારી શ્રી રાકેશ કુમાર ખરાડીએ માહિતી આપતાં જણાવ્યું કે શ્રી રાજેન્દ્ર જી. શર્મા, લોકો પાયલોટ સાબરમતી, શ્રી રાજ કુમાર સ્ટેશન માસ્ટર દેવલિયા, શ્રી હરીશંકર કુમાર સ્ટેશન માસ્ટર વટવા અને શ્રી ઈન્દ્રનારાયણ સરકાર સ્ટેશન માસ્ટર ગોરાઘુમાને યોગ્યતા પ્રમાણ-પત્ર આપીને સન્માનિત કર્યા. તમામ સન્માનિત કર્મચારીઓએ રેલવે સંરક્ષામાં ખામી મળવા પર તરત જ યોગ્ય કાર્યવાહી કરીને અનિચ્છનીય ઘટના અને સંભવિત નુકસાનથી બચાવ કર્યો છે.

મંડલ રેલવે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માએ આ સજાગ સંરક્ષા રેલવે પહરેદારોની હિંમત વધારી અને કહ્યું કે યાત્રીઓની સંરક્ષા આપણી સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને જ્યારે રેલવે કર્મચારી પોતાની ફરજ દરમિયાન સભાનતા અને સતર્કતાથી કામ કરે છે તો અમને સુરક્ષિત ટ્રેન પરિચાલનમાં મદદ થાય છે. અમને આ રેલવે કર્મચારીઓ ઉપર ગર્વ છે.




ડ્રાઈવઈન રોડ પર આવેલ ઈન્દ્રપ્રસ્થ કોમ્પ્લેક્સમાં સફાઈ ન હોવાના કારણે એએમસી દ્વારા સીલ કરવામાં આવ્યું હતું.

### રાજકોટમા બાળકીની હત્યા કેસમાં થયો મોટો ખુલાસો

# બાળકીની હત્યામાં પોલીસે બે આરોપીઓને ઝડપી લીધા છે

। રાજકોટ, તા.૯ ।

રાજકોટમાં બાળકીની હત્યા કેસમાં મોટો ખુલાસો થયો છે. મળતી જાણકારી અનુસાર, શહેરના લક્ષ્મીનગરમાં બાળકીની હત્યા કેસમાં પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે બાળકીની હત્યામાં ત્રણ લોકોની સંડોવણી હોવાનો ખુલાસો થયો છે. જેમાં બે આરોપીને પોલીસે ઝડપી લીધા છે જ્યારે અન્ય એક આરોપીની શોધખોળ હાથ ધરી હતી. આરોપીઓ બીજું કોઈ નહીં પરંતુ બાળકીના પિતા સાથે દારુ પાર્ટી કરનાર શખ્સો જ હતા. આરોપીઓ પહેલા બાળકીના પિતા સાથે દારૂની પાર્ટી કરી હતી. બાદમાં આરોપીઓની દાનત બગડી હતી. જેથી બાળકી સાથે દુષ્કર્મનો પ્રયાસ કર્યો હતો અને બાદમાં બાળકીની હત્યા કરી હતી. એટલું જ નહીં બાળકીનું અપહરણ થયું ત્યારે આરોપીઓ પોલીસની સાથે શોધખોળ કરતા હતા અને પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરતા હતા. જો કે બાળકીનો મૃતદેહ મળતા આરોપીઓ ફરાર થઈ ગયા હતા. નોંધનીય છે કે ગઈકાલે બાળકીનું અપહરણ થયાની ફરિયાદ નોંધાઈ હતી. બાદમાં પોલીસ તપાસમાં બાળકીની લાશ મળી આવી હતી. રાજકોટ પોલીસ અને રેલવેના અધિકારીઓ પણ ઘટના સ્થળ પર પહોંચ્યા હતા.

ભક્તિનગર રેલવે સ્ટેનશન પાસે આવેલી અવાવરું જગ્યામાંથી લાશ મળી આવી હતી. આ ઉપરાંત બાળકી પર દુષ્કર્મ થયાની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. રાજકોટના ભક્તિનગર રેલ્વે સ્ટેશન પાસે આવેલ જંગલ જેવા વિસ્તારમાંથી બાળકીની પથ્થરોના ઘા મારી હત્યા કરાયેલી લાશ મળી છે. સોની પરિવારની બાળકી લક્ષ્મીનગરમાંથી બે દિવસ અગાઉ આઠ વાગ્યે ગુમ થઈ હતી.

### ગુજરાતમાં ટ્રેન યમદૂત બની

# છેલ્લાં ૨૪ કલાકમાં બે લોકો અડફેટે આવી જતા ૨ના કરૂણ મોત થયા

। સુરત, તા.૯ ।

સુરતના કીમ-કોસંબા રેલ્વે ટ્રેક નજીક અકસ્માતે મોતની ઘટનામાં વધારો થયો છે. અહીં છેલ્લા ૨૪ કલાકમાં ટ્રેનની અડફેટે ૨ લોકોના કરૂણ મોત નિપજ્યાં છે. કીમ રેલ્વે ફાટક પર ઓવરબ્રિજના નિર્માણની કામગીરી ચાલી રહી છે. જેને લઈને રાહદારીઓ રેલ્વે ક્રોસિંગનો ઉપયોગ કરી રહ્યા છે. આ કારણે અકસ્માતની ઘટનામાં વધારો થયો છે. મળતી માહિતી અનુસાર, કીમ-કોસંબા રેલવે ટ્રેક વચ્ચે અવારનવાર ટ્રેન અડફેટે મોત થતા રહે છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ટ્રેનની અડફેટે બે લોકોના મોતથી ચકચાર મચી ગયો છે. કીમ રેલ્વે ટ્રેક નજીક પૂરી-ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેનની એડફેટે કીમ પરભુનગરના વ્યક્તિનું મોત થયું છે. પરભુનગરના યુવકે ટ્રેન સામે પડતું મુક્યાની આશંકા છે. યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. જ્યારે આજે સવારે જ વંદે ભારત ટ્રેનની અડફેટે અજાણી વ્યક્તિનું પણ મોત થયું છે. આજે સવારે એક વ્યક્તિને વંદે ભારત ટ્રેને એડફેટે લીધી હતી. આ અંગેની જાણ થતાં જ રેલવે પોલીસ અને સ્થાનિક પોલીસની ટીમ ઘટન સ્થળે દોડી આવી હતી. જે બાદ મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. હાલ પોલીસ દ્વારા આ મૃતકની ઓળખ કરવામાં આવી રહી છે. આપને જણાવી દઈએ કે, નડિયાદ રેલવે સ્ટેશન ખાતે પણ ટ્રેનની એડફેટે એક વૃદ્ધનું મૃત્યુ નિપજ્યું હતું.

### જાહેર જનતા નોંધ

તમામ જાહેર જનતાને જણાવવાનું કે, કાળુપુર પોલીસ સ્ટેશન તરફથી એક જાહેર અખબાર યાદીમાં જણાવ્યું કે, એક અજાણ્યા શખ્સની લાશ મળી આવેલ છે જે ભિખારી જેવા કપડા એટલે કે, કમરના ઉપરના ભાગે શર્ટ નહી અને ઉ.વ. આશરે ૬૫ તેમજ ઉંચાઈ ૫ ફુટથી વધુ ઘઉ વર્ણ રંગ વાળા વ્યક્તિની લાશ મળી આવેલ છે. જે ઓળખાણ માટે જે તે વ્યક્તિઓ કાળુપુર પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી... તેમજ છેલ્લા ઘણા સમયથી આ શખ્સ અહિંયા જોવા મળેલ છે કઈ રીતે તેનું મૃત્યુ થયું છે તે શખ્સની ઓળખાણ પછી જ આગળ પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે.. જેની તમામ જાહેર જનતાએ નોંધ લેવી...

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨